

ફક્ત અંગત વિતરણ માટે

# પંચાયત જગત

વર્ષ : ૬ અંક : ૧ સળંગ અંક : ૨૬ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૫

## સર્વાંગી વિકાસ માટે મહિલા જાગૃતિ જરૂરી છે

- બિપીનચંદ્ર વૈષ્ણવ *(આઈ.એ.એસ.નિવૃત્ત)*

આઝાદીનાં ૫૭ વર્ષ પછી પણ આ દેશમાં ગરીબી-બેકારીનું પ્રમાણ વધારે છે. ઉપરાંત શૈક્ષણિક, સામાજિક અને આર્થિકક્ષેત્રે પૂરતા સંતોષકારક વિકાસનો અભાવ જણાય છે. તેનો સર્વોત્તમ ઉપાય જન-જાગૃતિ અને તેમાં પણ સવિશેષ મહિલા જાગૃતિ છે.

"કહે નેપોલીયન દેશને કરવા આબાદાન, સરસ રીત તો એ જ છે, દો માતાને જ્ઞાન." અહીં જ્ઞાનનો અર્થ 'અક્ષરજ્ઞાન' એવો સંકુચિત કરવાનો નથી. અક્ષરજ્ઞાનની સાથે સામાન્ય જનતામાં અને સવિશેષ બહેનોમાં જાણકારી, માહિતી, કુશળતા પ્રાપ્તિ સાથે પહેલવૃત્તિ આવે તો સામુહિક પ્રયત્નોથી ઝડપી વિકાસ શક્ય છે. આમ કરવાથી રાજકીય અને વહીવટી ભ્રષ્ટાચાર તથા તુમારશાહી પણ અંકુશમાં લાવી શકાય છે. હિંમત અને જાણકારી સાથે પ્રયત્નો કરવામાં આવે તો સફળતા મળે જ છે.

> ***આ દેશના ગરીબોના વિકાસમાં મોટો અવરોધ સામાજિક કુરિવાજો અને રીતરિવાજોનો છે. તેના કારણે પ્રગતિશીલ-ભણેલાં કુટુંબોમાં પણ હજુ અંધશ્રદ્ધા વ્યાપેલી છે અને ખોટા ખર્ચા અટકતા નથી.***

હજુ ગુજરાતના પછાત વિસ્તારોમાં કન્યા કેળવણીનું પ્રમાણ ઓછું છે. ૨૬૭ ગામોમાં સ્ત્રી સાક્ષરતાનો દર શૂન્ય છે. ૨૫૫ તાલુકાઓમાંથી ૧૧૫ તાલુકાઓમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ રાષ્ટ્રીય સરાસરી કરતાં ઓછું છે. બધાં રાજ્યોમાં ગુજરાતનો ક્રમ ૧૪મો હતો તે ૧૫મો થયો છે. મહિલા સાક્ષરતામાં ક્રમ ૧૬ હતો તે વધારે પાછળ જઈ ૨૧મો થયો છે. તે ચિંતાનો વિષય ગણાય. પુરુષ-સ્ત્રી સાક્ષરતાનો ભેદ પણ ૨૦ ટકા છે તે વધારે ગણાય. સરકાર યોજનાઓ કરે અને પ્રોત્સાહન પણ આપે, તેમ છતાં જનજાગૃતિ જરૂરી છે.

બંધારણના ૭૩-૭૪મા સુધારાથી પંચાયતો અને નગરપાલિકાઓમાં ૩૩ ટકા મહિલા-અનામત, હોદ્દા-અનામતનાં પગલાં આવકાર્ય છે અને તેનાં ઘણાં સારાં પરિણામો માત્ર એક ચૂંટણી પછી પણ દેખાય છે. છતાં રાજકીય પક્ષોની ઈચ્છાશક્તિના અભાવે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ મહિલાઓને યોગ્ય સ્થાન મળતું નથી તે ખેદજનક છે. લોકસભા-રાજ્યની વિધાનસભામાં મહિલા સભ્યોની સંખ્યા ઘણી ઓછી છે તે ચિંતાજનક છે, તેમાં પણ આશ્ચર્યની વાત એ છે કે પછાત રાજ્યોમાં અન્ય રાજ્યો કરતાં ચૂંટાયેલી મહિલા સભ્યોની ટકાવારી વધારે છે.

રાજકીય ક્ષેત્રે આઝાદીની ચળવળથી શરૂ કરીને વહીવટી ક્ષેત્ર સુધી મહિલાઓનું પ્રદાન પ્રશંસનીય રહ્યું છે. વડાપ્રધાન, રાજ્યોનાં મુખ્ય પ્રધાનો તેમ જ પ્રધાનો તરીકે મહિલાઓની કામગીરી પ્રશંસનીય જ રહી છે. જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખો અને સરપંચો તરીકે નિરક્ષર બહેનોએ પણ જે વિકાસનાં કાર્યો કર્યાં તેનાં દૃષ્ટાંતો આખું સ્વતંત્ર પુસ્તક લખાય તેટલાં છે. હૈદ્રાબાદની મહિલા સરપંચ, ઓછું ભણેલી ફાતિમાબીએ સરપંચની ત્રણ દિવસની તાલીમ પછી વહીવટી-વિકાસક્ષેત્રે જે કામગીરી કરી તેનાથી પ્રભાવિત થઈ યુનો (રાષ્ટ્રસંઘ)એ તેને નિમંત્રણ આપી બહુમાન કર્યું છે તે નોંધપાત્ર ગણાય. ગુજરાતની અનેક મહિલા સરપંચોએ ગ્રામ વિકાસનાં કાર્યો કરીને અને ભ્રષ્ટાચાર સામે જેહાદ ઉપાડીને નોંધપાત્ર અને અનુકરણીય પહેલવૃત્તિ દાખવી છે તેની નોંધ લેવી ઘટે. તેનો પ્રસાર, પ્રચાર ઝડપી થાય તે જરૂરી છે. હિંમત અને જાણકારીથી સફળતા મળે છે.

રાજકીય અને વહીવટીક્ષેત્રે સફળતા માટે, પદાધિકારીઓ માટે કાયદા-નિયમો-વહીવટી પદ્ધતિની જાણકારી જરૂરી છે. તો જ બેકાબૂ અધિકારી-કર્મચારીઓ ઉપર યોગ્ય નિયંત્રણ લાવી શકાય. આ માટે પદાધિકારીઓ પોતે જ સક્રિય થાય તે જરૂરી છે. આ દેશના ગરીબોના વિકાસમાં મોટો અવરોધ

**આ અંક સાથે : ગ્રામ પંચાયતનાં કામોનું આયોજન દર્શાવતું મે થી ઑગસ્ટ-૨૦૦૫નું કૅલેન્ડર**

સામાજિક કુરિવાજો અને રીતરિવાજોનો છે. તેના કારણે પ્રગતિશીલ-ભણેલાં કુટુંબોમાં પણ હજુ અંધશ્રદ્ધા વ્યાપેલી છે અને ખોટા ખર્ચા અટકતા નથી. મહિલાઓ જાગે અને સામુહિક રીતે સંકલ્પ કરે તો વિના ખર્ચે મહિલાઓને સ્પર્શતા બાળલગ્ન, દહેજ, વિધવાના પ્રશ્નો વગેરે સરળતાથી ઉકેલી શકાય અને આર્થિક ઉન્નતિ પણ થઈ શકે. 'નાણાં વિનાનો નાથિયો અને નાણાંથી નાથાલાલ' એ કહેવત જાણીતી છે. સમાજમાં હજુ નાણાંની પ્રતિષ્ઠા છે. તેથી ગરીબોએ પોતે જ હિંમત અને દૃઢ ઈચ્છાશક્તિથી પોતાની આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયત્નો કરવા જોઈએ.

મહિલાઓની મુશ્કેલીઓના નિવારણનો સચોટ ઉપાય તેમની આર્થિક નબળાઈ છે. તેઓ આર્થિક રીતે પગભર થાય તો સ્વતંત્ર રીતે પણ જીવન વીતાવવાની હિંમત કેળવી શકશે. ખેતીવાડી, પશુપાલન, મજૂરી વગેરે ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન ઓછું નથી જ, પરંતુ તે કાર્યમાં પણ તેમને જાણકારી-તાલીમ મળે તો ઘણો ખર્ચ ઘટાડી, આવક વધારી, આર્થિક રીતે લાભ મેળવી શકાય. તે માટે ખેતીવાડી ખાતું, કૃષિ-યુનિવર્સિટી, ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડ અને મહિલા આર્થિક વિકાસ નિગમ તથા ગ્રામ ટેકનોલૉજી જેવી સંસ્થાઓની સહાયથી મહિલાઓ માટેના ખાસ તાલીમ વર્ગોનું ઘરે બેઠા આયોજન કરી શકાય છે. તાલીમ દ્વારા કુશળતા પ્રાપ્તિથી વધારે આવક મળે તે સહાયરૂપ બને તેમ જ સ્થાનિક મહિલા મંડળો, બચત મંડળો દ્વારા પણ સામુહિક તાલીમ યોજી શકાય. ગ્રામવિકાસ ખાતાની રોજગારલક્ષી યોજનાની લોન મેળવી ધંધો રોજગાર કરી શકાય છે.

**વિકાસની અનેક યોજનાઓ છે, પરંતુ વહીવટી જાણકારીના અભાવે બહેનો અને સમગ્ર ગ્રામજનતાને તેનો લાભ લેવામાં મુશ્કેલી પડે છે. તે માટે પણ જાણકારી મેળવી, જાતિ અને જન્મના દાખલા, ખરી નકલો અગાઉથી મેળવી રાખી યોગ્ય જગ્યાએ અરજી કરવી જોઈએ.**

મજૂર જો તાલીમ મેળવીને કડિયો બને તો બધા જ દિવસની વધારેલી રોજગારી મળે છે. કેરળ રાજ્યમાં મહિલાઓએ કડિયાકામની તાલીમ લઈ તે કામ શરૂ કર્યું છે અને તેનાથી ગ્રામીણ રોજગારી અને વિકાસ કાર્યોને વેગ મળ્યો છે. હેન્ડપંપ રિપેરની તાલીમથી પાણીના પ્રશ્નો પણ ઉકલી ગયા છે. નર્મદા યોજના હેઠળ પણ હજુ નાની કેનાલ અને ખેત-ચેનલોનું મહાભારત કામ બાકી છે. તેના વિના નર્મદા યોજનાની સિંચાઈનો લાભ મળી શકશે નહીં. આ કાર્ય માટે પણ મહિલાઓ તાલીમ લઈ સારી આવક અને રોજગારી મેળવી શકે તેમ છે.

ગ્રામોદ્યોગ, ગૃહઉદ્યોગ અને ખાવા-પીવાની ચીજોના સ્થાનિક ઉત્પાદનથી સારી રોજગારી મળે તેમ છે. ટમેટાં, બટાકા, શાકભાજી વગેરે ગામડાંમાં પાકે છે. તેનાં રૂપાંતરિત ખાદ્ય ઉત્પાદનો ગ્રામઉદ્યોગ રૂપે ગામડામાં થાય તો મૂલ્યવૃદ્ધિનો લાભ ગામડાંની બહેનોને જ મળે. તે થોડી તાલીમ દ્વારા ઓછા ખર્ચે જ મેળવી શકાય તેમ છે. જરૂર છે સામુહિક જાણકારી અને પ્રયત્નોની. ખાદીગ્રામોદ્યોગ બૉર્ડ-કમિશન દ્વારા ગ્રામોદ્યોગ રોજગાર યોજના હેઠળ ૬૫ ટકા સુધીની લોન અને ૨૫થી ૩૦ ટકાની સહાય મળે છે. તેથી પોતાનું રોકાણ માત્ર ૫થી ૧૦ ટકા જેટલું જ જરૂરી બને છે. મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા પણ લોન-સહાય મેળવી શકાય છે. ગ્રામ કક્ષાએ ગ્રામ વિકાસની સ્વરોજગાર યોજના હેઠળ સ્વસહાય/ બચત જૂથોની રચના કરી તાલીમ, રોજગારી માટે લોન-સહાય અને બચતની કામગીરી ગામે ગામ કરાય તે જરૂરી છે. કચ્છ જિલ્લાના પછાત રાપર તાલુકાનાં ૫૫ ગામોનાં ૧૫૦ મહિલા મંડળોની માસિક ૫-૧૦-૧૫ રૂપિયાની બચત અઢી વર્ષ પછી રૂપિયા ૭,૨૦,૬૮૧ થઈ. દરેક મંડળ પાસે રૂ.૨૦૦૦થી ૧૫૦૦૦ સુધીનું ભંડોળ છે. સભ્ય બહેનોને મંડળમાંથી જ ધિરાણ મળી જાય છે. ગુજરાતમાં ગરીબી રેખા નીચેનાં ૪ લાખથી વધારે પરિવારોને કુલ ૩૬૦૦૦ સ્વસહાય જૂથો દ્વારા આવરી લઈ ૧૮૦૦૦ જૂથોને જુદી જુદી બેન્કો દ્વારા કુલ વીસ કરોડ રૂપિયાનું ધિરાણ આપવામાં આવ્યું.

સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવે છે. તે માટે પણ રોજગાર કચેરીમાં નામ નોંધણી કરાવી જાહેરાત આવે ત્યારે અરજી કરવી જોઈએ. ઓછું ભણેલાને પણ સ્વરોજગારીના તાલીમ-શિક્ષણ વર્ગો દ્વારા સુથારી, લુહારી, પ્લમ્બર, ઈલેકિટ્રશિયન, કડિયાકામ, ટાઈપિંગ, કોમ્પ્યુટર જેવી પાયાની તાલીમ મેળવવાથી વધારે લાભ થાય છે.

વિકાસની અનેક યોજનાઓ છે, પરંતુ વહીવટી જાણકારીના અભાવે બહેનો અને સમગ્ર ગ્રામજનતાને તેનો લાભ લેવામાં મુશ્કેલી પડે છે. તે માટે પણ જાણકારી મેળવી, જાતિ અને જન્મના દાખલા, ખરી નકલો અગાઉથી મેળવી રાખી યોગ્ય જગ્યાએ અરજી કરવી જોઈએ. સરકારી કચેરીનું કામ હોય તો લેખીત અરજી સાથે સોમવારે જ કચેરીના વડા અધિકારીને જ (કારકુનને નહિ) રૂબરૂ મળી રજૂઆત કરવી જોઈએ. અધિકારીનાં નામ-સરનામાં મેળવી નામજોગ પત્રો લખી યાદીપત્ર લખવા. ટેલિફોન નંબર જાણી ટેલિફોન કરવાની પણ હિંમત કેળવવી જોઈએ, 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' ગામમાં એક-બે વ્યક્તિ જાગૃત, જાણકાર અને અભ્યાસી હોય કે થાય તો આખા ગામને કુશળ નેતૃત્વ આપી શકે. ■



હું શક્તિ છું

# સ્થાનિક સ્વશાસનની બાગડોરનાં સફળ સુકાની સૌરાષ્ટ્રનાં મહિલા સરપંચો

- ઇન્દુ સરવૈયા

**તોં**તેરમા બંધારણીય સુધારા પછી સરકારે પંચાયતોમાં ૩૩ ટકા મહિલા અનામત સીટો રાખવાનું નક્કી કર્યું છે. ઘરનો વહીવટ કરતાં બહેનોને ગામનો વહીવટ કરવાની પણ તક મળી. ઘણાં બહેનોએ પોતાની હિંમત, નિષ્ઠા અને પ્રામાણિકતાથી સરપંચપદ નીભાવ્યું છે. અગાઉનાં વર્ષોમાં પુરુષ સરપંચો જે કામો નથી કરી શક્યાં તે પાંચ વર્ષની મુદતમાં બહેનોએ કરી દેખાડ્યાં છે. બધી જગ્યાએ મહિલા સરપંચો સફળ થયાં તેવું નથી. તેમ છતાંય કેટલાક કિસ્સા અંધકારમાં ટમટમતાં કોડિયાં સમાન લાગે છે.

આવાં જ એક કોડિયા સમાન બહેન છે શાંતાબહેન. શાંતાબહેન રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના હિંગોળગઢ ગામનાં રહેવાસી છે. શાંતાબહેનનો અભ્યાસ ચાર ધોરણ સુધીનો છે. સીમિત અભ્યાસ અને કોઠાસૂઝને ઝાઝો સંબંધ નથી તે એમણે પોતાનાં કામો દ્વારા સાબિત કર્યું છે. શાંતાબહેન આંગણવાડીના હેલ્પર તરીકે કામ કરતાં. તેમની કામ કરવાની સૂઝ અને નવું શીખવાની ધગશ જોઈને ગામલોકોએ અનામત સીટ પર તેમને સરપંચ બનાવવાનો નિર્ણય લીધો.

સરપંચ બન્યા પછી ગામમાં વિકાસનાં કામો માટે ચાર લાખ રૂપિયાની ગ્રાંટ આવી. આવડી મોટી રકમ જોઈ પંચાયતના કેટલાક વિઘ્નસંતોષી સભ્યોએ તેમને સરપંચપદેથી હટાવવાનું નક્કી કર્યું. તેમણે શાંતાબહેન સામે અવિશ્વાસની દરખાસ્ત મૂકી. જોકે, કેટલાક સભ્યોને શાંતાબહેન પર ભરોસો હતો તેથી તેઓ હાજર ન રહ્યા. ત્રણ-ત્રણ વખત અવિશ્વાસની દરખાસ્ત મૂકાઈ. છેલ્લી દરખાસ્ત વખતે શાંતાબહેને ડી.ડી.ઓ.ને બોલાવ્યા. ડી.ડી.ઓ.એ જોયું કે અવિશ્વાસની દરખાસ્ત વખતે કોઈ હાજર રહેતું નથી. વળી, શાંતાબહેન પણ સાચા દિલથી કામ કરનાર વ્યક્તિ છે. એ જોતાં શાંતાબહેનને સરપંચપદે ચાલુ રાખ્યાં.



ગામલોકોએ પોતાના પર મૂકેલા વિશ્વાસને શાંતાબહેને નિભાવ્યો. તેમણે ગામના વિકાસ માટે કરેલાં કામોની યાદી ઘણી લાંબી છે. તેમણે સ્મશાનઘાટ, સ્નાનઘાટ અને બસ સ્ટેશન બનાવ્યાં તેમ જ ૧૨ જેટલા બોર મૂકાવ્યા. બસ સ્ટેશન પાસે ડંકીઓ નંખાવી, પંચાયત ઑફિસનું સમારકામ કરાવ્યું, શાળા માટે બે રૂમો બનાવ્યા, ગામમાં ચોરા સુધી રસ્તો બનાવ્યો, ચેકડૅમ બંધાવ્યો. આ ઉપરાંત નવા ગામતળની મંજૂરી મેળવી, ત્યાં લોકોને રહેઠાણ માટે જમીનો અપાવી. ઉપરાંત, ગામમાં વીજળી લાવવાં જેવાં કામો પણ તેમણે કર્યાં છે.

શાંતાબહેનની જેમ જ હિરાબહેને પણ પોતાનાં ગામમાં વિકાસનાં કામો કર્યાં છે. હિરાબહેન ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ભૂતિયા ગામનાં રહેવાસી છે. ગામલોકોએ તેમને અનામત સીટમાં સરપંચની જવાબદારી વર્ષ ૨૦૦૨માં સોંપી. હીરાબહેન આ જવાબદારી હોંશેહોંશે નિભાવી રહ્યાં છે. આ બે વર્ષની ટૂંકી મુદતમાં એમણે સરપંચ તરીકે આટલાં કામો કર્યાં: ગામનો પાણીનો પ્રશ્ન દૂર કર્યો, ગામનો મુખ્ય રસ્તો સારો કરાવ્યો. પંચાયત દ્વારા પચાસ જેટલી શાળામાં વૃક્ષારોપણ કરાવ્યું. એ સિવાય સંસદ-સભ્યની ગ્રાંટમાંથી દોઢ લાખ રૂપિયાનું પાઈપલાઈનનું કામ શરૂ કરાવ્યું. હિરાબહેનની ઈચ્છા પોતાના ગામને આદર્શ ગામ બનાવવાની છે.

શિહોર તાલુકાના જ અન્ય એક ગામમાં શાંતુબહેન સરપંચ છે. શાંતુબહેન સરપંચ બન્યા ત્યારે મનમાં મૂંઝાતા કે હું કંઈ કામ નહીં કરી શકું તો લોકો મને શું કહેશે? કામ કરતાંકરતાં એમની આ મૂંઝવણ દૂર થઈ છે. ચોમાસામાં અતિવૃષ્ટિ વખતે દલિતોનાં ઘર તણાઈ ગયાં. તેમની પાસે અનાજ પણ નહોતું રહ્યું. આવા સમયે શાંતુબહેન તેમની મદદે ગયાં. તેમણે પોતાના ઘરમાં રહેલાં અનાજનું વિતરણ કર્યું. અતિવૃષ્ટિના કારણે મરેલાં ઘેટાં, બકરાં, ભૂંડનો નિકાલ ન થાય તો ગંદકી વધે તેમ હતી. આ ઉપરાંત રોગચાળો ફાટી નીકળવાની શક્યતા પણ હતી. આવા વખતે શાંતાબહેને ઢોર બાળવાં માણસો રાખ્યા અને પોતાના ઘરેથી કેરોસીન આપ્યું. આમ, શાંતુબહેને અતિવૃષ્ટિ વખતે લોકોને સારી મદદ કરી.

આ તો થઈ અન્ય જ્ઞાતિનાં મહિલા સરપંચોની વાત. સરપંચપદે દરબાર જ્ઞાતિના મહિલા હોય તો? દરબાર મહિલા સરપંચોને તો જ્ઞાતિના બંધન પણ તોડવા પડે. પ્રકાશબાએ હિંમતભેર આ બંધન તોડ્યું. પંદરમી ઑગસ્ટના દિવસે તેમણે શાળામાં ધ્વજવંદનનો કાર્યક્રમ ગોઠવ્યો. ગામલોકો સામે તેઓ હિંમતભેર ખુરશી પર બેઠાં. પ્રકાશબાને ભાવનગર જિલ્લાના ભોજપરા ગામના લોકોએ સરપંચ તરીકે ચૂંટ્યાં હતાં. પ્રકાશબાએ સરપંચ બન્યા પછી છેતાલીસ વિધવા બહેનોને પેન્શન અપાવ્યું. ગામને પાણી, વીજળી અને રસ્તાની સુવિધાઓ અપાવી. પોતાનાં કામો દ્વારા પોતાની પ્રામાણિકતા અને નિષ્ઠાનો પુરાવો આપ્યો. આ મહિલા સરપંચોને વખતો-વખત 'આનંદી' સંસ્થા દ્વારા ચાલતાં માહિતી કેન્દ્રોનો ટેકો મળતો રહ્યો છે. આ માહિતી કેન્દ્રોએ જ્યારે જરૂર પડી ત્યારે મહિલા સરપંચોને માહિતી અને તાલીમ રૂપી મદદ પૂરી પાડી છે. આ ગામોનાં મહિલા સરપંચો અન્ય ગામોનાં સરપંચો માટે પ્રેરણા રૂપ છે. તેમણે સરપંચ પદને શોભાવ્યું છે. 'બહેનોથી શું થાય?' તેવાં મહેણાંને તેમણે કામ દ્વારા ભાંગ્યાં છે. (શ્રી ઈન્દુબહેન 'સાવારાજ' સંસ્થા સાથે જોડાયેલાં છે. (ચરખા) ■

સહિયારો પ્રયાસ

# પંચાયતી રાજ સંસ્થાઓના સશક્તિકરણ અંગે રાજ્યસ્તરીય બેઠક યોજાઈ

ગુજરાતનાં ગામોમાં રાજ્ય સરકારની પહેલથી યોજાયેલી ગ્રામ સભાઓમાં અનેક પ્રશ્નો રજૂ થયા છે. આ પ્રશ્નોનું પ્રતિબિંબ રાજ્ય સરકારના આગામી બજેટમાં અચૂક દેખાશે એમ પંચાયત મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. પંચાયતી રાજ સંસ્થાઓના સશક્તિકરણ અંગે સ્વૈચ્છિક સંસ્થા 'ઉન્નતિ' દ્વારા તા.૭ ફેબ્રુઆરી, ૨૦૦૫ના રોજ યોજાઈ ગયેલી રાજ્ય સ્તરીય બેઠકમાં મંત્રીશ્રીએ આમ જણાવ્યું હતું.



ગ્રામ સભામાં રજૂ થયેલા પ્રશ્નો ઉપર વિશેષ ધ્યાન આપીને તેનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકારે વરિષ્ઠ અધિકારીઓની એક સ્ક્રૂટીની સમિતિ બનાવી છે અને તેમાં રાજ્યના મુખ્ય સચિવશ્રી પણ સીધો જ રસ લઈને પંચાયતોના મજબૂતીકરણ માટે ખાસ ધ્યાન આપી રહ્યા છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. રાજ્ય સરકારની સાથેસાથે સમગ્ર સમાજમાં જાગૃતિ આવે તો જ પંચાયતી રાજ વધુ મજબૂત થઈ શકે એમ તેમણે જણાવ્યું હતું. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓની તેમણે વિગતવાર માહિતી આપી હતી. પંચાયતી રાજ વિભાગના અગ્ર સચિવશ્રી વરેશ સિન્હાએ પંચાયતોને સક્ષમ કરવા રાજ્ય સરકાર તત્પર છે એમ જણાવ્યું હતું. તેમણે ગુજરાતના ગામોમાં ચાલી રહેલી ઈ-ગવર્નન્સ અંતર્ગત થઈ રહેલી કોમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા વિશે જાણકારી આપી હતી.

ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલયનાં અધિક સચિવશ્રી સુધા પિલ્લાઈએ ગુજરાતના પંચાયતના હોદ્દેદારોના જોશને બિરદાવીને દરેક હોદ્દેદારને ગ્રામ સભા પ્રત્યેના પોતાના હક અને દાયિત્વને ન ભૂલવાની અપીલ કરી હતી. રાજ્યના વિકાસ કમિશનરશ્રી રાજગોપાલે આજના આ સેમિનારના દિવસને પંચાયતી રાજ વિકાસનો સુવર્ણ દિવસ ગણાવ્યો હતો. પંચાયતોની સત્તા વિશે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કાયદા દ્વારા પંચાયતને મળેલી સત્તાઓ સરકાર પરત ખેંચી ન શકે. તેથી રાજ્યની કોઈ પંચાયતે આ બાબતે બીક રાખવી જોઈએ નહીં. ૧૧મા નાણાપંચની ભલામણોથી ગ્રામ પંચાયતોને આપવામાં આવેલા ૩૫૦ કરોડ રૂપિયામાંથી ૩૪૦ કરોડનાં કામો ગ્રામ પંચાયતો દ્વારા પૂરા થઈ ચૂક્યાં છે એમ તેમણે જણાવ્યું હતું.સરકાર દ્વારા પ્રેરિત ગ્રામ સભામાં કરવામાં આવેલા ઠરાવોમાંથી મોટા ભાગનાનો સહેજે અમલ થતો નથી એવી ફરિયાદો બેઠકમાં હાજર રહેલા પંચાયતોના પ્રતિનિધિઓએ કરી હતી. આ ચર્ચા-બેઠક દરમ્યાન વેસ્ટર્ન ઇન્ડિયા ફોરમ ફોર પંચાયતી રાજના શ્રી રાજેશભાઈ ભટ્ટ, જાણીતા ગાંધીવાદી કર્મશીલશ્રી ચુનીભાઈ વૈદ્ય, નિવૃત્ત ગ્રામ વિકાસ સચિવ અને ડીએસસી સંસ્થાના ચેરમેનશ્રી અનિલભાઈ શાહ, સ્વાતિ સંસ્થાનાં પૂનમબહેન કથુરિયા, ગુજરાતના આદર્શ ગામ રાજસમઢિયાળાના પૂર્વ સરપંચ અને હાલના રાજકોટ તાલુકા પ્રમુખશ્રી હરદેવસિંહ જાડેજા, ધોળકા વિસ્તારના ધારાસભ્યશ્રી કાન્તિભાઈ લકુમ અને જુદીજુદી પંચાયતોના હોદ્દેદારોએ ખાસ ઉપસ્થિત રહી પંચાયતી રાજને મજબૂત કરવા અંગેના મહત્ત્વનાં સૂચનો કર્યાં હતાં. બેઠકમાં ગુજરાતની જુદીજુદી પંચાયતોના પ્રતિનિધિઓ, સરપંચો, સામાજિક ન્યાય સમિતિના સભ્યો, સામાજિક કાર્યકરો, સરકારી અધિકારીઓ અને ગ્રામીણ નાગરિકોએ ભાગ લીધો હતો.



કેન્દ્ર સરકાર દ્વારા જુલાઈથી ડિસેમ્બર ૨૦૦૪ દરમ્યાન પંચાયતી રાજને મજબૂત કરવાની દિશામાં પહેલ કરવાના હેતુથી પંચાયતી રાજના જુદાજુદા વિષયો ઉપર સાત ગોળમેજી બેઠકો યોજાઈ હતી. આ બેઠકો માટે માહિતી એકત્ર કરવામાં 'ઉન્નતિ' સંસ્થાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેથી એ બેઠકોના અનુંસંધાનમાં આ રાજ્યસ્તરીય બેઠક 'ઉન્નતિ' સંસ્થા દ્વારા યોજાઈ હતી. ■

# પુરુષોના આરોપોનો હિંમતપૂર્વક સામનો કરતાં બિહારનાં સરપંચ વીણાદેવી

- પ્રતિભા જ્યોતિ

પોતાના પિતાની ઉંમરના એક પુરુષ સાથે પરણાવેલી વીણાદેવી સોળ વર્ષની ઉંમરે જ વિધવા બની. એમની જગ્યાએ કોઈ બીજી મહિલા હોત તો તે કદાચ વિધિના લેખ માનીને જેમ-તેમ જિંદગી વિતાવવામાં લાગી જાત, પણ વીણાદેવીએ એમ ના કર્યું. વીણાદેવીએ સામંતવાદી પ્રભાવવાળા બિહારના નવાદા જિલ્લાની એક નાની પંચાયતમાં સારા સરપંચ બનીને વિકાસનાં કામો કર્યાં છે. તેમણે કરેલાં કાર્યો મહિલાઓને ઓછી આંકવાની ધારણા બદલી નાખવા માટે મજબૂર કરે તેવાં છે. દેશમાં ઘણી પંચાયતોમાં મહિલા પ્રતિનિધિ હોવા છતાં મહિલાઓને પંચાયતોનાં કાર્યોથી દૂર રાખવામાં આવે છે, પણ નવાદા જિલ્લાની લહરપુર ગ્રામ પંચાયતમાં ગ્રામ સભાની બેઠક અને પંચાયતનાં બીજાં કાર્યોમાં મહિલાઓની ભાગીદારી જોઈને વીણાદેવીના નેતૃત્વ ઉપર વિશ્વાસ જન્મ્યા વગર રહે નહીં.

નવાદા જિલ્લાના લહરપુર પંચાયતનાં સરપંચ બનતા પહેલાં વીણાદેવીએ ખૂબ જ દુ:ખમાં દિવસો વિતાવ્યા છે. એ દિવસોને યાદ કરીને આજે પણ તેમની આંખોમાંથી આંસુ છલકાઈ જાય છે. નાની ઉંમરમાં જ તેમનાં લગ્ન આધેડ વયના એક પુરુષ સાથે કરવામાં આવ્યાં તેથી તેમના ઉપર દુ:ખના ડુંગર તૂટી પડ્યા. તેઓ જ્યારે પોતાના સાસરે આવ્યાં ત્યારે ખબર પડી કે પોતાની જ ઉંમરવાળાં બે બાળકોની તેઓ માતા છે. તેમના પતિએ તેમની ભાવનાઓની કદર પણ ન કરી અને સાસુ-સસરાએ તેમને ઘરમાં વહુ તરીકેનો હક ન આપ્યો. પોતાના નાના નાજુક હાથોથી ઘરનાં બધાં જ કામો કરતાં કરતાં અને જાત-જાતનાં દુ:ખો સહન કરતાં કરતાં તે મોટાં થવા લાગ્યાં. પોતે લગ્નના સંબંધને સમજે એ પહેલાં જ તેમના પતિનું અવસાન થયું.

પતિનું અવસાન થવાથી વીણાદેવીના ત્રણ દીકરા અને સાસુ-સસરાની બધી જ જવાબદારી તેમની ઉપર આવી પડી ઘરમાં કોઈ પુરુષ કમાવવાવાળું ના હોવાથી આવકની આશા નહોતી, તેથી તેમણે પોતાનું ઘર ભાડે આપ્યું જેથી ઘરના ભાડાની આવકમાંથી ઘર ખર્ચ ચલાવી શકે, પણ ભાડુઆતના રૂપમાં આવેલો એ યુવક માથાભારે અપરાધી હતો. તેણે ઘરનું નક્કી કરેલું ભાડું આપવાની ના પાડી. આમને આમ એક વર્ષ વીતી ગયું ફરીવાર વીણાદેવીએ તેની પાસે ઘરનું ભાડું માંગ્યું તો પેલો વ્યક્તિ તેમને ગાળો બોલવા લાગ્યો અને બંદૂક બતાવીને પરિવારના બધા જ લોકોને જાનથી મારી નાંખવાની ધમકી આપવા લાગ્યો. વીણાદેવી થાકી હારીને ગામની સ્થાનિક મહિલા આગેવાનને મળ્યું અને તેમના સહયોગથી તેમણે ભાડુઆત પાસેથી એક વર્ષનું ભાડું વસૂલ કર્યું અને પોતાનું ઘર ખાલી કરાવવામાં પણ સફળતા મેળવી.

**_વીણાદેવીના પ્રયાસથી જ ગામની છોકરીઓએ સ્કૂલે જવાનું શરૂ કર્યું, મહિલાઓ પોતાના આરોગ્ય વિશે જાગૃત થઈ અને વધુ બાળકો ન હોવા જોઈએ એ વાત સમજતી થઈ ._**

વિધવા થયા પછી ડરી-ડરીને રહેવાવાળાં વીણાદેવી આ ઘટના બન્યા પછી નીડર બની ગયાં. ધીરે ધીરે તેઓ સામાજિક કાર્યોમાં જોડાવા લાગ્યાં. મહિલાઓ સામાજિક રીતે જાગૃત થાય તે માટેની જાણકારી આપવાનું કામ શરૂ કર્યું. તેમણે ગામના જરૂરિયાતવાળા પચ્ચીસ લોકોને ઇન્દિરા આવાસ યોજના હેઠળ મળતા લાભ અપાવ્યા. સામાજિક કાર્યો કરતાં-કરતાં તે બીજી મહિલાઓના મનમાં લોકપ્રિય બનવા લાગ્યાં. આથી ગામમાં તેમની આગવી ઓળખ પણ ઉભી થવા લાગી. બીજી બાજુ તે ગામના પુરુષોની આંખોમાં ખૂંચવા લાગ્યાં, પરંતુ વીણાદેવીના પ્રયાસથી જ ગામની છોકરીઓએ સ્કૂલે જવાનું શરૂ કર્યું, મહિલાઓ પોતાના આરોગ્ય વિશે જાગૃત થઈ અને વધુ બાળકો ન હોવા જોઈએ એ વાત સમજતી થઈ .

તેમને રાજનીતિમાં આવવાની જરાય ઈચ્છા નહોતી છતાં જ્યારે પંચાયતની ચૂંટણી યોજાવાની જાહેરાત થઈ ત્યારથી જ ગામની મહિલાઓ વીણાદેવીને ચૂંટણીમાં ઉભા રહેવા માટે દબાણ કરવા લાગી. ગામની મહિલાઓ એમના ઘરે જઈને સમજાવવા લાગી કે જો તમે ગામના સરપંચ બની જાવ તો ગામના વિકાસનાં કામોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકો છો. મહિલાઓની જીદની સામે તેઓ ઝૂકી ગયાં અને તે બિનઅનામત ચૂંટણીમાં ઉભાં રહ્યાં અને ચૂંટણી જીતી ગયાં. તેઓ કહે છે કે મારા ચૂંટણીમાં ઉભા રહેવા બાબતે પુરુષોએ આનાકાની કરી હતી. મારા દીકરા અને દિયરે પણ મને ચૂંટણીમાં ઉભા રહેવાની ના પાડી હતી. હું જ્યારે-જ્યારે ચૂંટણીના પ્રચાર માટે મહિલાઓને જઈને મળતી ત્યારે પાછળથી પુરુષોની વાતો સાંભળવા મળતી કે, "જુઓ, મોટી નેતા બનવા નીકળી પડી છે. હવે આખો દેશ બદલાઈ જશે." મેં

તે લોકોની કોઈ પણ વાતને કાને ના ધરી એટલે તેમણે મારા ચરિત્ર વિશે જાત-જાતની વાતો કરવા માંડી. એ સમયે હું ખૂબ ગભરાઈ ગઈ હતી, પણ એ નાજુક સમયે મારા દીકરાઓએ મારી હિંમત વધારી. ત્યારે મને લાગ્યું કે હું જો પીછેહઠ કરીશ તો મહિલા વિરોધીઓનું મનોબળ વધશે.

ચૂંટણીમાં જીત્યા પછી વીણાદેવીએ સૌથી પહેલાં વિધવા પેન્શન, અન્નપૂર્ણા યોજના અને અંત્યોદય યોજનાનો લાભ જરૂરિયાતવાળા વ્યક્તિઓને મળે તે માટે પૂરું ધ્યાન આપ્યું. ગામના લોકોને ચોખ્ખું પાણી મળે તે માટેનાં કામને પ્રાથમિકતા આપી. ગામમાં હેન્ડપંપ નંખાવ્યા. ગામમાં પાકો રોડ બનાવવા માટે ઘણા લોકોએ પોતાની જમીન મફત આપી, તેમ છતાં રોડના કામના પૈસા હજુ પંચાયતમાં પહોંચ્યા નહોતા. તે રોજ રોજ તાલુકા પંચાયતમાં જતાં, પણ કોઈ ફાયદો થતો નહીં. છેલ્લે એમણે એક દિવસ ગ્રામ સભાની બેઠકમાં એવું સૂચન કર્યું કે, " 'જો આપણે રોડ બનાવવા માટે સરકાર ઉપર આધાર રાખીશું તો આ કામ થવામાં ઘણો સમય લાગશે. એટલે જો ગામના દરેક લોકો આર્થિક મદદ અને શ્રમદાન કરે તો આ કામ સહેલાઈથી થઈ શકે. ગામની મહિલાઓએ લોકોને સમજાવ્યા ત્યારે ગ્રામજનો તૈયાર થયા. ગામના બીજા લોકોની સાથે કલાકો ઉભા રહીને વીણાદેવી પોતે આ કામની દેખરેખ રાખતા. તેમની કોશિશ અને ગામલોકોની ભાગીદારીથી બે મહિનાની અંદર ગામમાં પાકો રસ્તો તૈયાર થઈ ગયો.

**વીણા દેવીની આંખોમાં હવે એક જ સપનું છે કે એમના ગામના દરેક વ્યક્તિની પાસે એક પાકું મકાન હોય અને એક પણ બાળક શિક્ષણ વગર રહી ના જાય.**

મહિલા પ્રતિનિધિ હોવાના નાતે સરપંચ પોતાના ગામની બીજી મહિલાઓની તકલીફોથી વાકેફ હતાં. ગામમાં ડૉક્ટરો ન હોવાના કારણે એમણે ગર્ભવતી મહિલાઓ અને બાળકોનું મૃત્યુ થતાં જોયું છે. આથી પંચાયતના પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં બધી સગવડો ઉપલબ્ધ કરવા અને ચોવીસ કલાકની સેવાઓ પૂરી પાડવા માટે એક ડૉક્ટરની માંગ લઈને કાર્યાલય ઉપર એકલાં ધરણાં ઉપર બેઠાં. પોતાના સરપંચની હિંમત વધારવા માટે ગામની મહિલાઓ પણ પોત-પોતાનાં બાળકો લઈને આ ધરણામાં જોડાઈ. એનું ફળ એ મળ્યું કે તેમની બધી માંગો સ્વીકારવામાં આવી. ત્યાર પછી પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર એકદમ બદલાઈ ગયું. એમના નેતૃત્વથી અન્ય મહિલાઓને સ્વસહાય જૂથો ચલાવવાનો આત્મવિશ્વાસ આવ્યો. તેઓ આજે આ પંચાયતમાં ઘણાં સ્વસહાય જૂથો સફળતાપૂર્વક ચલાવી રહ્યાં છે. વીણા દેવીની આંખોમાં હવે એક જ સપનું છે કે એમના ગામના દરેક વ્યક્તિની પાસે એક પાકું મકાન હોય અને એક પણ બાળક શિક્ષણ વગર રહી ના જાય. તેઓ કહે છે કે ભલે હું એક મહિલા છું પણ હું મારી બધી જવાબદારી ઉપાડવા માટે સક્ષમ છું. (ચરખા- દિલ્લીના મૂળ હિન્દી લેખમાંથી)

ભાવાનુવાદ : *વિશ્રાંતિ ચૌહાણ-ચરખા*

■

## તમારું પંચાયત જ્ઞાન ચકાસો

❑ **આ અંકનો પ્રશ્ન : સરપંચ અને ઉપસરપંચ બન્ને વિરુદ્ધ એક સાથે અવિશ્વાસની દરખાસ્ત કરી શકાય ?**

**૧૫ દિવસમાં આપના જવાબો લખી મોકલો અને એક ભેટ મેળવો.**

ગયા અંકનો જવાબ : સરપંચને ગ્રામ સભા બોલાવવાનો અને સરકાર દ્વારા બોલાવવામાં આવતી ગ્રામ સભાની તારીખ બદલવાનો અધિકાર છે, કારણ કે સરપંચ ગ્રામ સભાના અધ્યક્ષ છે.

### અભિનંદન

ગયા અંકની કસોટીના સાચા જવાબો આપનારા વાચકોનાં નામ નીચે મુજબ છે:

| ક્રમ | નામ | ગામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧. | રમેશભાઈ નાનુભાઈ ચૌહાણ | મોકળ | કાલોલ | પંચમહાલ |
| ૨. | ઉકાભાઈ નકુમ | નાનીબોર | ધોળકા | અમદાવાદ |
| ૩. | સોમાભાઈ પરમાર | વેજલકા | ધોળકા | અમદાવાદ |

અહેવાલ

## અમદાવાદ અને સાંબરકાંઠાની ગ્રામીણ મહિલાઓએ
# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી

- શિલ્પા મણિયાર

૮મી માર્ચનો દિવસ, આંતરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે મનાવવામાં આવે છે. વિશ્વના સમસ્ત મહિલાઓના સંઘર્ષ, સાહસ તેમ જ સમસ્યાઓની સામે ઝઝુમી મહિલાઓએ હાંસલ કરેલી સિદ્ધિઓની આવિરત યાત્રાનો ૮મી માર્ચ એ પ્રતીક દિવસ છે.

મહિલાઓ પ્રત્યે દાખવવામાં આવતા અન્યાય, અત્યાચાર, શોષણ, અસમાનતા વગેરે દૂર થાય તેમ જ તંદુરસ્ત અને ન્યાયી સમાજની રચના થાય એ આજની આપણી સમાજ વ્યવસ્થાની આવશ્યકતા છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઈતિહાસની શરૂઆત ૧૮૫૭ની ૮મી માર્ચના રોજ થઈ હતી. તે દિવસે ઈંગ્લેંડની કાપડમીલમાં કામ કરતી બહેનોએ સમાન હક્ક માટે સંગઠિત થઈ મિલમાં કામના કલાકો મુજબ સમાન વેતન માટે હડતાલ કરી અને પોતાનો હક્ક હાંસલ કર્યો હતો. મહિલાઓએ સંગઠિત થઈ કરેલી જાહેર અભિવ્યક્તિથી તે સમયે જાણે કે સમય થોડો વખત માટે થંભી ગયો હોય તેવી પરિસ્થિતિ ઉભી થવા પામી હતી.

વર્ષો પછી ૧૯૧૦માં જર્મનીના સમાજવાદી અને નારીવાદી મહિલાશ્રી કલેરા ઝેટકીનની આગેવાની હેઠળ 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી અધિવેશન'માં, દુનિયાની સમગ્ર કામદાર મહિલાઓના સંઘર્ષને મહિલા દિવસ તરીકે અને નારી મુક્તિ અને ન્યાય સંગત સમાજની રચના માટે પ્રતીક તરીકે ઉજવવામાં આવ્યો. આ સંઘર્ષને અનેક વર્ષો થયાં. તેમાં કયારેક સફળતા મળી છે, ઘણાં કામો પણ થયાં છે. ઘણી વાતો ચર્ચાની એરણે પણ ચઢી છે, પણ હજુ ઘણું કરવાનું બાકી છે.

આજના આ તબક્કે આપણે સમાજમાં જોઈએ તો, મહિલાઓને ઘરમાં અને ઘરની બહાર હિંસાનો સામનો કરવો પડે છે. માનસિક હિંસા, ધમકી, મહિલા વિકાસમાં અવરોધરૂપ બનવું કે તેઓને તેમના અધિકારોથી વંચિત રાખવા વગેરે બાબતોનો પણ હિંસાની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

મહિલાઓ પોતાના અધિકારોથી વાકેફ થાય, તેમની સ્થિતિ સુધરે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે બાબતે જાગૃતિ આણવાના હેતુથી 'ઉન્નતિ' સંસ્થા દ્વારા અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાનાં અંતરિયાળ ગામોમાં તથા તાલુકા મથકે ફેબ્રુઆરીથી માર્ચ દરમ્યાન મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ વર્ષે કાર્યક્રમમાં ભાઈઓને પણ સામેલ કરવામાં આવ્યા હતા, એ આ વર્ષની ઉજવણીની વિશેષતા હતી. સમાજમાં પ્રવર્તતી લિંગભેદની વિચારસરણી બદલવા માટે ભાઈઓને સંવેદનશીલ કરવા જરૂરી છે. આ કાર્યક્રમોમાં બહેનો અને ભાઈઓ મળીને કુલ ૩૨૦૦થી વધારે લોકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ નીચેનાં સ્થળોએ યોજાયો હતો :

| ગામ/નગર | તાલુકો | જિલ્લો |
|---|---|---|
| રાજપુર | ધોળકા | અમદાવાદ |
| ભાત | દસક્રોઈ | અમદાવાદ |
| કુમરાખાણ | વિરમગામ | અમદાવાદ |
| વિરમગામ નગર | વિરમગામ | અમદાવાદ |
| વડાલી | ઈડર | સાબરકાંઠા |
| ધોળકા નગર | ધોળકા | અમદાવાદ |
| ઓડ | દસક્રોઈ | અમદાવાદ |
| શામળાજી | મોડાસા | સાબરકાંઠા |
| રનોડા | ધોળકા | અમદાવાદ |
| કુહા | દસક્રોઈ | અમદાવાદ |
| લાંબડિયા | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| મટોડા | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ફતેહપુર | પ્રાંતિજ | સાબરકાંઠા |
| જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજન | | ગાંધીનગર |

કાર્યક્રમ દરમ્યાન યોજાયેલી પ્રવૃત્તિઓ નીચે મુજબ છે:

**ભવાઈ :** આ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ 'ભવાઈ' હતી. ભવાઈ દ્વારા મહિલા વિરુદ્ધ આચરવામાં આવતી હિંસા, ગુજરાતનાં દીકરીના જન્મ દરમાં ઘટાડો, ૩૩ ટકા અનામત મળવા છતાં મહિલાઓને વહીવટમાં શું સમજ પડે તેવા પ્રકારનું વલણ, મહિલાઓમાં શક્તિઓ હોવા છતાં તેઓને તક આપવામાં



આવતી નથી જેવી બાબતો બહુ અસરકારક રીતે ભવાઈમાં વણી લેવામાં આવી હતી.

**મહિલા પ્રશ્નોત્તરી :** આ કાર્યક્રમ માટે એક પ્રશ્નોત્તરી તૈયાર કરવામાં આવી હતી. આ રમતનો હેતુ રસપૂર્વક માહિતી પહોંચાડવાનો અને આ દ્વારા બહેનો પ્રેરણા મેળવીને કંઈક નવું કરતી અને વિચારતી થાય તે હતો. આ પ્રશ્નોત્તરીમાં વિવિધ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મહિલાઓએ વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ, સમાજમાં મહિલાનું નબળું અને કથળતું જતું સ્થાન, મહિલાઓના વિકાસ માટે સમાજ સુધારકોએ કરેલાં કામો વગેરે માહિતી આ પ્રશ્નોત્તરીમાં આવરી લેવામાં આવી હતી. મોટાભાગે જે કાર્યો સમાજમાં પુરુષો દ્વારા જ કરવામાં આવે છે તે મહિલા દ્વારા કરવામાં આવ્યા હોય તેવાં ઉદાહરણો પણ તેમાં રજૂ થયાં હતાં. દા. ત. સૌ પ્રથમ મહિલા એસ.ટી. ડ્રાઈવર, મહિલાના રક્ષણ માટેના કાયદા અને સામાજિક સુરક્ષાને લગતી યોજનાઓ વગેરે.

**પંચાયત પ્રશ્નોત્તરી :**પંચાયતી રાજ વિશે માહિતી આપવા માટે અને મહિલાની પંચાયતી રાજ ક્ષેત્રે ભૂમિકા લોકો સમજી શકે તે માટે જૂથમાં એક રમત રમાડવામાં આવી હતી. પંચાયત પ્રશ્નોત્તરીમાં લોકોએ રસપૂર્વક ભાગ લીધો હતો.



**સાપસિડી :** આ રમત દ્વારા સ્થાનિક સ્વશાસનને લગતી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ રમત લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. રમત આકર્ષક રીતે તૈયાર કરવામાં આવી હતી. જૂથમાં લોકો રમી શકે તેમ હોવાથી લોકોને રમતમાં મજા આવતી હતી.

**દોરડા ખેંચ :** મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે રમાયેલી આ રમતે સમગ્ર કાર્યક્રમમાં ઉત્સવ અને આનંદનું વાતાવરણ ઉભું કર્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓએ ભાગ લીધો હતો અને પુરુષોએ રસ્સા ખેંચ નિહાળી હતી.

**કવિતા:** મહિલા દિવસની ઉજવણીમાં બે કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેનું શીર્ષક હતું 'હું લક્ષ્મી હજીય લાગું વસમી ?' અને 'મને જીવવા દો.' સમાજમાં દરેક



કાર્ય ઉદારતાપૂર્વક કર્યા કરતી મહિલા કયારેક 'દેવી' તો કયારેક 'દાસી' તરીકે જોવાય છે. તેનું અસ્તિત્વ સમાજના લોકોને બોજારૂપ લાગે છે. ગર્ભ પરીક્ષણ કરીને, દીકરી હોય તો તેને પડાવી નાંખવાની ચેષ્ટાઓ સમાજમાં વધી છે. તે બાબતને આ કવિતાઓમાં વણી લેવામાં આવી છે.

**ચિત્રવાર્તા :** મહારાષ્ટ્રના વિટનેર નામના ગામની પંચાયતમાં સભ્યો અને સરપંચ મહિલાઓએ ગામના ગૌચર પરથી દબાણ દૂર કર્યું અને ગામમાં આવકનો સ્રોત ઉભો કર્યો. ગામની મહિલા સ્વાભિમાનપૂર્વક જીવી શકે તે માટે મહિલાઓનાં નામે જમીન પણ કરાવી. મહિલાઓને જો તક મળે તો મહિલાઓ ઘરના વહીવટની સાથે ગામનો વહીવટ પણ સારી રીતે કરી શકે છે તે વાત આ વાર્તામાં દર્શાવી હતી. આ ચિત્રવાર્તા જોતાં દરેક મહિલા એ વાત સાથે સહમત હતાં કે તેઓની સ્થિતિ અન્ય મહિલાઓથી અલગ નથી. આમ, ચિત્રવાર્તા દરેકે ખૂબ રસપૂર્વક નિહાળીને અંદરોઅંદર ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમના આયોજન માટે થયેલો ખર્ચ પંચાયત સભ્યોએ ઉપાડી લીધો હતો તે આ કાર્યક્રમની ખાસ નોંધપાત્ર બાબત હતી. રાજપુર ગામમાં મંડપ અને ટીવી-વીસીડીનો ખર્ચ કરવાની જવાબદારી સરપંચ અને પંચાયતે નિભાવી હતી. રનોડામાં પ્રાથમિક શાળાએ આ જવાબદારી સ્વીકારી હતી. ઓડ ગામે ટીડીઓની મંજૂરી મેળવીને ૫૦૦૦ રૂપિયા મહિલા દિવસની ઉજવણી માટે ફાળવ્યા હતા. વિરમઠા ગામના સરપંચે મંડપનું ભાડું ચૂકવ્યું હતું. ભાટ ગામમાં બધી જ વ્યવસ્થા પંચાયત, ગામના યુવક સંગઠન અને ગ્રામજનોએ ગોઠવી હતી. કુહા ગ્રામ પંચાયતે અને પંચાયત સભ્યોએ મંડળ અને માઈકના ખર્ચ પેટે રૂ.૩૦૦૦ આપ્યા હતા. ઉપરોક્ત ગ્રામ પંચાયતોએ પંચાયતની મીટિંગમાં ખર્ચ કરવાનો નિર્ણય કર્યો હતો. વીરમગામ તાલુકા પંચાયતે તાલુકામાં થયેલી ઉજવણી માટે થયેલા રૂ. ૮૦૦૦ ના ખર્ચમાંથી અડધો ખર્ચ આપ્યો હતો. કાર્યક્રમમાં હાજર રહેનારા દરેક વ્યક્તિ પોતાના વ્યક્તિગત જીવનમાં મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ વ્યવહાર કેળવે તેવો સંકલ્પ લઈ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. ■

**મારા મંતવ્ય મુજબ...**

# તમે શું માનો છો?

## શું ઈ-ગ્રામપંચાયત ગ્રામજનોને ઉપયોગી નીવડશે ? હા કે ના ? કેમ ?

સંકલન : ભૂમિકા ગોહેલ, શિલ્પા મણિયાર, દિનેશ પ્રજાપતિ



**લલિતભાઈ હરીયાભાઈ સોલંકી**

*ગામ : મયાસરા,*

*તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.*

ના, ઊંડાણ વિસ્તારનાં ગામોને ઈ-ગ્રામ પંચાયત ઉપયોગી નીવડશે નહીં. ઘણાં ગામોમાં લાઈટની સુવિધા હોતી નથી. તેથી સરકારે પહેલાં તમામ પંચાયતોમાં લાઈટની સગવડ ઉભી કરવી જોઈએ. સૌથી પહેલાં સર્વે કરીને જ્યાં લાઈટની સગવડ હોય ત્યાં જ કૉમ્પ્યુટર મૂકવા.



**ઈલાબહેન મનુભાઈ રાઠોડ**

*સરપંચ, ગામ : ઓડ*

*તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.*

ગામડાના ખેડૂતોને અવારનવાર નકલની જરૂર પડે છે. નકલ મેળવવા તાલુકાએ જવા માટે ગરીબ ખેડૂતો પાસે ભાડાના પૈસા હોતા નથી તેથી હવે પંચાયતમાંથી નકલ મળી જાય તો ઘણા પ્રશ્નો હલ થઈ શકે. હાલ મામલતદાર કચેરીમાંથી નકલો તાત્કાલિક મળતી નથી. બે ત્રણ ધક્કા થાય ત્યારે માંડ નકલો મળે છે. તેથી જો પંચાયતમાં કૉમ્પ્યુટર હોય તો સરળ અને શુદ્ધ કામ તાત્કાલિક થઈ જાય.



**સોમાભાઈ જી. પરમાર**

*ગામ : વેજલકા, તા. ધોળકા,*

*જિ. અમદાવાદ.*

ઈ-ગ્રામ પંચાયત ગ્રામજનોને ચોક્કસ ઉપયોગી બનશે, દસ્તાવેજો ઝડપથી મળશે અને એ રીતે ગ્રામજનોને લાભ થશે. ગ્રામ પંચાયતની બેદરકારીના કારણે મહત્ત્વના દસ્તાવેજો કેટલીકવાર ખોવાઈ જતા હોય છે. ઈ-ગ્રામ પંચાયતથી હવે તમામ દસ્તાવેજોને કૉમ્પ્યુટરમાં જ સાચવી શકાશે. વળી, જાગૃત નાગરિકો કૉમ્પ્યુટર મારફતે અવારનવાર માહિતી મેળવશે એટલે નાણાકીય કૌભાંડો થતા અટકાવી શકાશે.



**રમેશભાઈ ઠાકોર**

*ગામ : ભરકુંડા, તા. દસક્રોઈ,*

*જિ. અમદાવાદ.*

લખેલી કોપી કરતાં કૉમ્પ્યુટર દ્વારા કોપી તથા દસ્તાવેજ ઝડપથી થઈ શકે. ગ્રામજનોને ગામમાંથી જ પુરાવા મળી શકશે, મામલતદાર ઑફિસ સુધી ધક્કા નહીં ખાવા પડે. મામલતદાર ઑફિસમાં અઠવાડિયા સુધી સાત-બારના ઉતારાની નકલ મળી શકતી નથી. ગામમાં જ તલાટી-કમ-મંત્રી પાસેથી જલદી મળી શકે છે. મામલતદાર કચેરી સુધી જવામાં સમય અને નાણાંનો પણ વ્યય થાય છે.



**ધીરૂભાઈ પરમાર**

*ગામ : ગઢડા શામળાજી,*

*તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.*

પંચાયતો કૉમ્પ્યુટરાઈઝ થવાથી ગામના પંચાયતના અગત્યના દસ્તાવેજોમાં ચેડા થવાનો ભય રહેશે નહીં. દસ્તાવેજોની નકલ મેળવવા રાહ નહીં જોવી પડે. વળી, દર વર્ષે થતો નવા ચોપડા પાછળનો ખર્ચ પણ બચશે. તલાટી-કમ-મંત્રીઓની આળસ ખંખેરાશે અને તે સક્રિય રીતે કામ કરશે. તે પોતે લખવાના ભારણમાંથી પણ મુક્ત બનશે.



**દિલીપસિંહ પી. વાઘેલા**

*ગામ : પરોયા, તા. ખેડબ્રહ્મા,*

*જિ. સાબરકાંઠા.*

પંચાયતની વિગતો કૉમ્પ્યુટરાઈઝ કરવાથી કર્મચારીએ ફરજિયાત કામ કરવું પડશે. ખેડૂતો અને અન્ય વ્યક્તિઓના દાખલા તથા ઉતારા મેળવવામાં સમય બગડશે નહીં. દરેક માહિતી આજીવન ચોક્કસાઈપૂર્વક જાળવી શકાશે. આગ તથા વરસાદના સંજોગો અને ઉંદરો દ્વારા રેકર્ડ ખરાબ થવાની સ્થિતિ ઊભી નહીં થાય. ભ્રષ્ટાચાર મહદ્અંશે ઓછો કરી શકાશે.



**બચુભાઈ કલજીભાઈ ચૌહાણ**

*ગામ : વાલરણ, તા. ખેડબ્રહ્મા,*

*જિ. સાબરકાંઠા.*

ખેડૂતો અને અન્ય વ્યક્તિઓના દાખલા તથા ઉતારા મેળવવામાં સમય બગડશે નહીં. દરેક માહિતી આજીવન ચોક્કસાઈપૂર્વક જાળવી શકાશે. આગ તથા વરસાદના સંજોગો અને ઉંદરો દ્વારા રેકર્ડ ખરાબ થવાની સ્થિતિ ઊભી નહીં થાય. ભ્રષ્ટાચાર મહદ્અંશે ઓછો કરી શકાશે.



**દર્શનાબહેન રમેશચંદ્ર ત્રિવેદી**

*ગામ : બારેજા, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.*

સરકારે ઈ-ગ્રામ પંચાયત કરવાનો કરેલો નિર્ણય મને તો બરાબર લાગે છે. પંચાયતમાં હવે કૉમ્પ્યુટરમાંથી સાત-બારની નકલો મળી શકશે. હવે ભાડા ખર્ચીને મામલતદારની ઑફીસે નહીં જવું પડે. અભણ વ્યક્તિને ગામની બહાર સરકારી ઑફિસોમાં જવામાં ખૂબ મુશ્કેલી પડે છે. તેથી ગામમાં જ કૉમ્પ્યુટર મારફતે જરૂરી દસ્તાવેજો મળી જાય તો ખૂબ સારું.

# લોકભાગીદારી વડે ગૌચર સુધારણા

- ભરત ગોહિલ

ગામડામાં 'ગૌચર' શબ્દ આવે એટલે દબાણ, ગાંડો બાવળ, પેશકદમી જેવા પર્યાય સામે આવે છે. ગામના પશુધન માટે ફાળવેલી અલગ જગ્યા જ્યાં ગામનું પશુધન ચરવા જાય તેને 'ગૌચર' કહે છે. તેની રક્ષા ગ્રામજનો કરે. વર્ષે ભેગા મળી ગ્રામજનો સફાઈ કરે. વધુ ઘાસચારો હોય તો ભેગા મળી વેચાણ કરી આવેલી આવકને ગ્રામવિકાસમાં વાપરે એ શુભ હેતુસર પંચાયતી રાજમાં ગૌચરને ખાસ મહત્ત્વ અપાયું છે. છેલ્લાં ઘણાં વર્ષોથી પંચાયતની આ અનામત મિલકત સુરક્ષિત નથી. એવાં ઘણાં ગામડાં છે કે જ્યાં આ ગૌચરને લોકો ચરી ગયા છે. લોકોએ મકાનો, વાડા, પ્લોટ કે પોતાની જમીનમાં ગૌચરને ભેળવી દીધી છે. પંચાયતના રેકર્ડમાં ગૌચર જમીન હોય પણ વાસ્તવિકતા નિરાશ કરે છે. માણસની લાલચ અને આર્થિક આવકની દોડમાં ગ્રામવિકાસનો આ ગૌચર જમીન વિકાસનો કાર્યક્રમ ભુલાઈ અથવા લુપ્ત થઈ ગયો છે. પહેલાંના સમયમાં લોકો આ ગૌચરની જમીનનું એક તણખું ઘરે ન લાવતા, આજે લોકોએ એક તણખું મુકાય તેટલી જમીન આ ક્ષેત્રની રહેવા દીધી નથી. ગામનું પશુધન છતાં ગૌચરે નિરાશ થઈ ઘરે પાછું ફરે છે.

ગુજરાતમાં ભાવનગર જિલ્લામાં ૧૯૯૯ થી લોકભાગીદારી વાળો પીવાનાં પાણીનો કાર્યક્રમ ચાલે છે. તળાજા-ઘોઘા-ભાવનગર તાલુકાના દરીયાકાંઠા વિસ્તારનાં ૮૨ ગામમાં પીવાનાં પાણીની સુવિધા અને લોકભાગીદારી વિષય આધારિત કાર્યક્રમનું નામ છે- ઘોઘા પ્રાદેશિક પાણી પુરવઠા અને સ્વચ્છતા યોજના. આ યોજનામાં ગામના લોકોએ પીવાનાં પાણીની સુવિધાનું જરૂરિયાત આધારિત લોક આયોજન તથા મરામત- નિભાવણીની જવાબદારી સ્વીકારેલી છે. ગામડે ગામડે પાણીસમિતિની રચના કરવામાં આવેલી છે. આ પાણી સમિતિ પાણી, આરોગ્ય, સ્વચ્છતા અને પર્યાવરણને લગતા મુદ્દા ઉપર ઘણા પ્રયત્નો વડે પરિણામો મેળવે છે. આ પરિણામો ગ્રામ વિકાસનો નવો રાહ ચીંધશે. આ યોજનામાં લોકો સંગઠિત બની, શિક્ષિત બની, નવી ટેવો અંગે વ્યવસ્થાપન કરતા થયા છે. પાણી સુરક્ષાનો મુદ્દો કે પાણી સંગ્રહ હોય કે પછી પર્યાવરણ સુરક્ષા કે ગૌચર વિકાસ, આ તમામ ક્ષેત્રમાં લોકો લોકભાગીદારી સાચા અર્થમાં સાબિત કરી બતાવે છે. લાખો રૂપિયાની તાંત્રિક વિષયવાળી સુવિધાઓ લોકો જાતે કરતા થયા છે. લોકો નવાનવા અનુભવો સાથે સફળતા તરફ વધી રહ્યા છે.

પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, સંસ્થાનું ક્ષેત્રીય કાર્યાલય તળાજા તાલુકા મથકે આવેલું છે. આ ક્ષેત્રીય કાર્યાલય નીચે તળાજા-ઘોઘા તાલુકાનાં ૨૮ ગામોમાં આ પ્રોજેક્ટનું અમલીકરણ થઈ રહ્યું છે. દરેક ગામમાં પાણી સમિતિની રચના થઈ છે. આ પાણી સમિતિઓ તથા સંસ્થા સતત પાણી, આરોગ્ય, સ્વચ્છતા, સંગઠન અને પર્યાવરણના મુદ્દે મથામણ કરી રહી છે. ૨૦૦૩માં 'વાસ્મો' સંસ્થા દ્વારા જળ વ્યવસ્થાપન અને ગૌચર જમીન વિકાસ કાર્યક્રમનું અમલીકરણ શરૂ થયું. ગામની પાણી સમિતિ પોતાના ગામના ગૌચર જમીનના વિકાસ માટે સુનિશ્ચિત પ્રયત્નો શરૂ કરે તે માટે આ લોકભાગીદારીમાં 'વાસ્મો' સંસ્થા અને ફોરેસ્ટ વિભાગ જોડાયા. ૬૫૦ હેકટરનું આયોજન કરવાનું નક્કી થયું. કામની વહેંચણી શરૂ થઈ. ગામ કક્ષાએ ગ્રામ પંચાયત-પાણીસમિતિ આ કાર્યક્રમ માટે ગૌચર જમીન ફાળવવા માટે ઠરાવ કરે, સફાઈ કરાવે તથા ફોરેસ્ટ વિભાગ તેને જંગલ કટીંગ, ખેડ, વાવેતરમાં મદદરૂપ બને. આ માટે તમામ ખર્ચ 'વાસ્મો' સંસ્થા ફાળવે છે. 'પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર' આ કાર્યક્રમમાં ગ્રામ કક્ષાએ જાગૃતિ-શિક્ષણ અને સંગઠનનું કામ કરે છે.

'ગૌચર જમીન વિકાસ કાર્યક્રમ' એક નાવિન્ય સભર લોકભાગીદારીનો ગુજરાતનો નવો અભિગમયુક્ત પ્રયોગ હતો. શરૂઆતમાં ગ્રામજનોને આ વિચાર ગળે ઉતર્યો નહીં.

સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા આ અભિગમ ગ્રામજનોને સમજાવવામાં આવ્યો. આ કાર્યક્રમ માટે જમીન ફાળવણીનો ઠરાવ આપવા અને સહકાર આપવા તેમ જ ગામનું ગૌચર સુધારવાની અપીલ કરવામાં આવી. ગ્રામજનોને સમજાવાયું કે, "આ કાર્યક્રમમાં ફોરેસ્ટખાતું મદદરૂપ થાય છે. જમીનનો ઠરાવ સંસ્થાઓને કે વાસ્મોને આપવાનો છે. ગૌચરના વિકાસ બાદ તેની માલિકી ગ્રામપંચાયતની જ રહેશે. ગામમાં ઢોર વધુ દૂધ ઉત્પાદન આપે તેવું ધામણ, શણીયાર, રત્નજ્યોત, ગોરડ ઘાસ વાવવાનું નક્કી થયું છે. એક હેકટરે ૧૦૦ વૃક્ષો વાવવાના છે. ફરતી રક્ષાત્મક વાડ અને ટ્રેન્ચ કરવાની છે. ઉપરાંત, આ ગૌચર પ્લોટમાં ગૌચર તલાવડી, વેજીટેબલ પ્લગ અને નાળા પ્લગ જેવાં કામો કરવાનાં છે." લોકોમાં ધીરે ધીરે વિશ્વાસ બેઠો. શરૂઆતમાં આ સમજણ સાથે એક-બે ગામો તૈયાર થયાં. ગ્રામ સભા અને પંચાયતમાં ઠરાવ થયા અને એક નવા પ્રયોગની શરૂઆત થઈ.

ગ્રામ પંચાયત પાણી સમિતિ દ્વારા મળેલા ઠરાવ મુજબ જમીનમાં સૌ પ્રથમ સફાઈનું કામ શરૂ થયું. ગાંડા બાવળને ગૌચરમાંથી દૂર કરવામાં આવ્યો. જમીન ખેડકામ કરીને ફરતી ૧ મીટર ઊંડી ટ્રેન્ચ ખોદવામાં આવી. બીજી તરફ ગામની નર્સરીમાં વૃક્ષો તથા ઘાસનાં બિયારણનાં પેલેટ્સ તૈયાર થવા લાગ્યા. રાજસ્થાનથી ઘાસના બીજ મંગાવ્યા અને નાના પાયે કામ શરૂ થયું. એક-બે ગામમાં આ કામગીરી જોઈ વિશ્વાસ વધ્યો તેથી અન્ય ગામોએ ઠરાવ આપ્યા. લોકભાગીદારી સાચા અર્થમાં શરૂ થઈ. અંતે ૩૦૦ હેકટરના ઠરાવો મળ્યા. તળાજા, ઘોઘા તાલુકામાં પાણીસમિતિના અધ્યક્ષો, સંસ્થાના કાર્યકર્તા તથા ફોરેસ્ટ વિભાગના અધિકારીઓનું નવું લોકભાગીદારીવાળું સ્વરૂપ જોઈને ગ્રામજનોની કામની ઝડપ અને ઉત્સાહ વધી ગયાં છે. ગામના ગૌચરના પ્લોટ તૈયાર થયા છે. ગૌચરમાં હવે બાવળ નથી, ફરતી ટ્રેન્ચ થઈ છે, ઘણી બધી ગૌચર તલાવડી અને પાળા બાંધવામાં આવ્યા છે. વૃક્ષોનું અને ઘાસનું વાવેતર ગામના ગૌચરની સીકલ બદલી નાખશે. આ કાર્યક્રમથી લોકોમાં સહકાર અને સમજણ વધવા લાગ્યાં છે. ■

# ધોળકા તાલુકાનો પત્ર

-ચંદુભાઈ પરમાર, ઉન્નતિ - *પંચાયત સંદર્ભ કેન્દ્ર, ધોળકા*

## ૬૦ બેરોજગાર બહેનોને લોન અપાવી

ધોળકા તાલુકાનાં ગામોની શિક્ષિત- બેરોજગાર મહિલાઓને સરકારી રોજગાર યોજનાઓનો લાભ મળતો નહોતો. અમદાવાદના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી ધોળકા ખાતે આવતા નિરીક્ષકશ્રી જોષી સાહેબને આ અંગેની જાણ કરીને ચર્ચા-વિચારણા કરવામાં આવી. ચર્ચા-વિચારણામાંથી માર્ગદર્શન મેળવીને 'અટલબિહારી બાજપાઈ રોજગાર યોજના' અંતર્ગત શિક્ષિત-બેરોજગાર મહિલાઓના ફોર્મ ભરવામાં આવ્યા. ત્યારબાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ફોર્મ ભરનાર મહિલાઓ આ યોજનાનો લાભ મેળવવાની લાયકાત ધરાવે છે કે કેમ, તેની તપાસ કરવા માટે બહેનોના ઈન્ટરવ્યુ યોજાયા, તેમાં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, બૅંક ઑફ બરોડા, દેના બેંક વગેરે બેંકોના મેનેજરો હાજર રહ્યા હતા. ઈન્ટરવ્યુના અંતે આ યોજના અંતર્ગત ૬૦ બેરોજગાર બહેનો માટે દુકાન, સિલાઈ કામ જેવા વ્યવસાય માટે સ્વરોજગારની લોન મંજૂર કરવામાં આવી.

## કરિયાણા ગામ, વિકાસનાં કામ

કરિયાણા ગામ તાલુકામથક ધોળકાથી ૧૪ કિલોમીટર દૂર આવેલું છે. ગામમાં દલિત, કોળી પટેલ, ભરવાડ, દેવીપૂજક, પ્રજાપતિ, વાલ્મિકી, પટેલ વગેરેની મળીને ૧૨૦૦ની વસ્તી છે. ગામના સરપંચ તરીકે રાવજીભાઈ ગોહિલ છે. ગામનું વીજળીકરણ થયેલું છે. ગામમાં ધોરણ ૧થી ૭ સુધીની શાળા છે, દૂધ મંડળી છે. ગામમાં પોતાનો વૉટર વર્ક્સનો બોર છે. આખા ગામમાં ઘેરઘેર પાઈલાઈનથી પાણી પહોંચાડવામાં આવે છે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન એક લાખ રૂપિયાના ખર્ચે આ પાઈપલાઈન નાંખવામાં આવી હતી.

ઇન્દિરા આવાસ અંતર્ગત બે મકાનો બનાવ્યાં અને ત્રણ મકાન રિપેરિંગ કરાવવામાં આવ્યાં છે. તે વણકર, વાલ્મિકી અને મુસલમાનનાં ઘરો છે. અઢી લાખ રૂપિયાના ખર્ચે આરસીસી રોડ બનાવાયા છે. ત્રણ બક્ષીપંચ પરામાં અઢી લાખ રૂપિયાના ખર્ચે નાળું નખાવ્યું છે. પાંચ સરદાર આવાસ મંજૂર કરાવ્યા છે. પૂર વખતે ખડાપગે રહી અસરગ્રસ્તોને ભોજન પૂરું પાડીને ૧૬૦ વ્યક્તિઓને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ધાબળા પૂરા પાડવામાં આવ્યા. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન પંચાયત ઘર અને કૉમ્યુનિટી હોલ નવા બનાવ્યા છે. સરદાર સરોવર નિગમને ઠરાવ આપીને સીમતળનાં તળાવો ઊંડાં બનાવવામાં આવ્યાં છે. આ તળાવોનું પાણી સિંચાઈ માટે ખૂબ ઉપયોગી નીવડશે. ગામના વિકાસના અને વહીવટ કામમાં તલાટી-કમ-મંત્રીશ્રી અંબાલાલ રાઠોડ સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે.

### 'પંચાયત જગત'માં આટલું કરો

- **ધારાસભ્ય અને સંસદસભ્યની ગ્રાન્ટ તેમ જ અન્ય સરકારી ગ્રાન્ટ વિશે માર્ગદર્શન આપવું જોઈએ. ઉપરાંત, આવી ગ્રાન્ટ મેળવવા માટેની વહીવટી પ્રક્રિયા વિશે પણ જણાવવું.**
- **પંચાયત ધારામાં કેટલાક નિયમોમાં સુધારા-વધારા કરવાની જરૂરિયાત જણાય છે. તે વિશે 'પંચાયત જગત'માં માહિતી આપવી જોઈએ.**
- **દરેક 'પંચાયત જગત'માં સારાં કામો કર્યાં હોય એવા સરપંચોનાં કામો અને પ્રગતિ વિશે લખવું જોઈએ. આમ કરવાથી બીજા સરપંચોને પણ પ્રેરણા મળશે.**

**-કલ્યાણસિંહ બારડ**
*સરપંચ, વેજલકા ગ્રામ પંચાયત,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*

### વધુ પંચાયતો આવરી લો

**'પંચાયત જગત' સામયિકમાં 'હું શક્તિ છું' ના મુખ્ય શીર્ષક હેઠળ આમદભાઈ સામેજા દ્વારા લખાયેલો કાર્યશીલ મહિલા સરપંચ ભચીબહેન પચાણ રબારીનો લેખ ખૂબ જ નોંધપાત્ર છે. આ ઉપરાંત 'સમાચાર જગત'ના શીર્ષક નીચે લખાયેલો આણંદ જિલ્લાના ચાંગા ગામના ભૂતપૂર્વ સરપંચ અને શિક્ષક તરીકે ફરજ બજાવતાં સુધાબહેન પટેલનો લેખ વાંચ્યા પછી લાગે છે કે તેમના પર બનતી ફિલ્મનું ટાઈટલ 'ધ વ્હાઈટ લેન્ડ' પૂરેપુરું યોગ્ય છે. આપના સામયિક દ્વારા વધુમાં વધુ પંચાયતોને આવરી લઈને વધુ ને વધુ ગામલોકો સુધી માહિતી પહોંચે તેવી અપેક્ષા છે.**

**અલ્પેશ એમ. શીંગાળા**
શ્રી જે.સી. કુમારપ્પા મહાવિદ્યાલય,
મુ. ગઢડા (સ્વામી.), જિ. ભાવનગર.

- વિશ્રાંતિ ચૌહાણ

# વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ કેવી રીતે કરીએ ?




આ પુસ્તિકામાં વિકલાંગ વ્યક્તિઓને સમાન તક અને અધિકારો મળી રહે તે માટે જે કાયદાઓ ઘડવામાં આવ્યા છે તેની માહિતી સરળ ભાષામાં આપવામાં આવી છે. 'વિકલાંગ વ્યક્તિ ધારા' અંતર્ગત કાનૂની જોગવાઈઓ અને વિકલાંગ વ્યક્તિઓના અધિકારો વિશે પણ જાણકારી આપવામાં આવી છે.

'અંધ જન મંડળ', 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' અને 'હેન્ડીકેપ ઈન્ટરનેશનલ'ના સંયુક્ત પ્રયાસોથી પ્રકાશિત કરવામાં આવેલી આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો હેતુ વિકલાંગ વ્યક્તિઓને તેમના અધિકારોથી વાકેફ કરવાનો છે. પુસ્તિકાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે આ પુસ્તક ગુજરાતી ભાષાની સાથે સાથે અંગ્રેજીમાં પણ પ્રગટ કરવામાં આવ્યું છે. જુદા જુદા પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકોને ધ્યાનમાં રાખીને આ પુસ્તક ઑડિયો કેસેટ અને ઑડિયો સી.ડી. તેમ જ પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓ માટે બ્રેઈલ લિપીમાં પણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. તેમાં સરકાર દ્વારા ઘડવામાં આવેલા કાયદા (વિકલાંગ વ્યક્તિ ધારો-૧૯૯૫)માં કરેલી જોગવાઈઓ અને યોજનાઓ વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ લાભ લેવા માટે વિકલાંગ વ્યક્તિને કયા લેખિત પુરાવાઓ જોઈએ તેની માહિતી અને વિકલાંગતાનું પ્રમાણપત્ર કેવી રીતે અને કયાંથી મેળવી શકાય તેની જાણકારી આપવામાં આવી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ચાલતી 'સંકલિત બાળ શિક્ષણ'ની યોજનામાં તેમ જ સરકારી ખાતાઓમાં નોકરીઓમાં ત્રણ ટકા જગ્યા વિકલાંગ વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવી છે. આવી ઉપયોગી જાણકારી આ પુસ્તિકામાં સામેલ કરવામાં આવી છે. સરકારે વિકલાંગ વ્યક્તિઓને સાધન-સહાય પૂરી પાડવા માટે અને યોજનાનો અમલ કરવા માટેની જવાબદારી છ બિનસરકારી સંસ્થાઓને સોંપી છે. આ સંસ્થાઓનાં નામ-સરનામાં પણ આ પુસ્તિકામાં મૂકવામાં આવ્યાં છે.

પુસ્તિકામાં ત્રણ વિકલાંગ મહિલાઓની સંઘર્ષભરી સફળતાની દાસ્તાન પણ રજૂ થઈ છે. આ સફળ કહાણીઓમાંથી સૌને ખૂબ પ્રેરણા મળે એમ છે. વિકલાંગ વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ થાય એ આશયથી પ્રકાશિત થયેલી આ પુસ્તિકા આપણે સૌએ વાંચવી રહી.

પ્રકાશન સહયોગ : **અંધ-જન મંડળ, ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન તથા હેન્ડીકેપ ઈન્ટરનેશનલ**
પ્રાપ્તિસ્થાન : **ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન, ૭૦૨, સાકાર-૪, એમ.જે. લાઈબ્રેરી સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૬.**

# સમાચાર જગત

## રાજ્યની ૫૭ ગ્રામ પંચાયતોને નગરપાલિકાઓનો દરજ્જો અપાશે

રાજ્યના ૧૮ જિલ્લાની ૫૭ ગ્રામ પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો આપવા માટેની કવાયત સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં, નવી ઉભી થનારી આ નગરપાલિકાઓને માથાદીઠ ૧૦ રૂપિયા પ્રમાણે ઓકટ્રોય ગ્રાન્ટની ૧૩ કરોડ રૂપિયાની રકમ પ્રતિવર્ષ ચૂકવવાનું નક્કી થયું છે. આ તમામ ગ્રામ પંચાયતોની કુલ વસ્તી ૧૦ લાખ થવા જાય છે.

ગુજરાતમાં ૧૫ હજાર કરતાં વધુ વસતિ ધરાવતી ગ્રામ પંચાયતોને નગરપાલિકાનો દરજ્જો આપવામાં આવી રહ્યો છે. રાજ્યમાં હાલ ૧૪૧ નગરપાલિકાઓ આવેલી છે તેમાં નવી ૫૭નો ઉમેરો થતાં કુલ સંખ્યા ૧૯૮ થશે. એકલા અમદાવાદ જિલ્લામાં હાલ ૧૫ પાલિકાઓ છે. તેમાં વધુ છનો ઉમેરો થતાં આ સંખ્યા વધીને ૨૧ થશે.

## કૉમ્પ્યુટરના સહારે ગ્રામ પંચાયતના વહીવટમાં નોંધપાત્ર ઝડપ

અમદાવાદની ગ્રામ પંચાયતોએ કૉમ્પ્યુટરનો ઉપયોગ વધારતાં વહીવટમાં નોંધપાત્ર ઝડપ અને અસરકારકતા આવી છે.

અમદાવાદ જિલ્લા પંચાયતે ઈ-ગવર્નન્સ દ્વારા વહીવટી પ્રક્રિયામાં ઝડપ લાવવા સંદર્ભે નોંધપાત્ર કામગીરી કરી છે. અમદાવાદ જિલ્લામાં આ વર્ષે ૨૪૩ ગામોને કૉમ્પ્યુટર આપવામાં આવશે તથા આગામી માર્ચ ૨૦૦૬ સુધીમાં જિલ્લાના તમામ ગામો ઈ-ગ્રામની સુવિધાથી સુસજ્જ થશે.

આ ઉપરાંત ૩૨ ગામોને ટૂંક સમયમાં કૉમ્પ્યુટર ફાળવી આપવામાં આવશે. ઈ-ગવર્નન્સ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત તથા જિલ્લાની તમામ તાલુકા પંચાયતોને ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી સાંકળી લેવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવતા પત્રો તેમ જ આદેશો પણ કૉમ્પ્યુટર ઉપર જ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

## હવે પંચાયતનો કાર્યભાર વધશે

કેન્દ્ર સરકારે સત્તાના વિકેન્દ્રિકરણના ભાગ રૂપે હવે તેના દ્વારા પ્રાયોજિત એવી કેટલીક યોજનાઓ અને કેટલાક કાર્યક્રમોને સીધા જ પંચાયત સ્તરેથી લાગુ કરી પૂરા કરાવવા અંગેની તૈયારીઓ હાથ ધરી છે. આ અંગે વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘે તમામ મંત્રાલયોને એક પરિપત્ર મોકલ્યો છે. આ પરિપત્રમાં તેમણે જણાવ્યું છે કે, ૧૯૯૨ના વર્ષમાં બંધારણમાં કરાયેલા સુધારાઓ અંતર્ગત પંચાયતોને ૨૯ જેટલી વિવિધ પ્રકારની જવાબદારીઓ બંધારણની કલમ-૨૪૩ (જી) અને શિડયુલ-૧૧ મુજબ અપાવવી જોઈએ. જો આમ કરવામાં આવે તો કેન્દ્ર સરકાર ઉપરનું ભારણ ઘટી શકે તેમ છે.

ગ્રામ વિસ્તારમાં વસતા કરોડો દેશવાસીઓ સુધી યોજનાઓ તેના મૂળ સ્વરૂપમાં ઝડપથી પહોંચે તેમ જ આ યોજનાઓનો લાભ પણ ઝડપથી લોકો સુધી પહોંચે તે માટે તાકીદે આ અધિનિયમ હેઠળ પંચાયતોને જવાબદારીઓ સોંપવા અંગેની સૂચના આપી છે. આ પરિપત્ર માત્ર પરિપત્ર બનીને ન રહી જાય અને તેનું ઝડપથી પાલન થાય તે માટેની વડાપ્રધાને ખાસ અપીલ કરી છે.

કેન્દ્ર સરકારની જે યોજનાઓ અને કાર્યક્રમોનું અત્યાર સુધી ગ્રામીણ વિકાસ એજન્સીઓ કે અન્ય સરકારી કચેરીઓ દ્વારા સંચાલન કરવામાં આવતું હતું. તેને બદલે સીધું જ પંચાયત સ્તરથી કાર્યક્રમોનું અમલીકરણ થાય અને તેનો લાભ ગ્રામીણ જનતા સુધી પહોંચે તે માટેનો એક કાર્યક્રમ તૈયાર કરી દીધો છે. (‘અકિલા’ દૈનિક, રાજકોટ)

## પાલિકા-પંચાયતોની ચૂંટણીમાં ફોજદારી ગુનાની માહિતી ફરજિયાત

આ વર્ષે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ઉમેદવારોએ તેમની સામે ફોજદારી ગુનો નોંધાયો હોય તો તેનું સોગંદનામુ રજૂ કરવું ફરજિયાત બનશે. આ સાથે માલ-મિલકત તથા અન્ય વિગતો પણ જાહેર કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અંગે વિચારણા ચાલી રહી છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૦૫નું વર્ષ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની ચૂંટણીનું વર્ષ બની રહેશે. રાજકીય પક્ષો માટે પણ તે મહત્ત્વનું બની રહેશે. રાજ્ય ચૂંટણીપંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયાનો ગાળો ૨૮ દિવસથી ૧૮ દિવસનો કરવા માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી છે. જેથી સરકારી કર્મચારીઓ અને પંચ પરનું ભારણ ઘટે. હાલ ૩૦૦ જેટલા ઈલેકટ્રોનિક વૉટિંગ મશીન છે. વધુ ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. આ સાથે ચૂંટણીઓમાં અપરાધીકરણ વિશેની માહિતી આપવાનો પણ ફરજિયાતપણે અમલ કરવામાં આવશે. જો કોઈ ઉમેદવાર સામે ગુનો નોંધાયેલો હશે તો ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરતી વખતે તે જણાવવો પડશે. આ સાથે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીની જેમ જ ઉમેદવારીની મિલકતો, રોકાણ, બૅંક બેલેન્સ વગેરે બાબતોને

પણ ફરજિયાત બનાવવા માટે પંચ દ્વારા સરકારને દરખાસ્ત કરી દેવામાં આવી છે. ૫૬૬ વોર્ડની ૧૬૭૮ બેઠક માટે ચૂંટણી યોજાશે. આ માટે મતદારયાદીની સુધારણા પણ શરૂ કરી દેવામાં આવી છે. જૂનાગઢ સિવાયની છ મહાનગરપાલિકાઓમાં પણ સપ્ટેમ્બરમાં ચૂંટણી યોજવામાં આવશે. ત્રણ નગર પંચાયતો અને ૨૩ જિલ્લા પંચાયતોની મુદત પણ આ જ ગાળામાં પૂર્ણ થતાં આગામી વર્ષે ચૂંટણી યોજવામાં આવશે. ૨૧૦ તાલુકા પંચાયતોની મુદત પણ ૨૦૦૫માં પૂર્ણ થઈ રહી છે. મત વિસ્તારના સીમાંકનનું કામકાજ હાલ ચાલુ હોવાથી નિર્ધારિત સમય કરતાં એકાદ મહિનો જેટલી મોડી ચૂંટણી જાય તેવી શકયતા પણ વ્યક્ત થઈ રહી છે.

## જમીન એનએ કરવાની સત્તાઓ પંચાયતો પાસેથી આંચકી લેવાશે

રાજ્યમાં બિનખેતી જમીનને બિનખેતી(એનએ) કરવાની જિલ્લા પંચાયતો હસ્તક રહેલી સત્તાઓ પર કાપ મૂકી આ કામગીરી સરકારમાં કરી શકાય તે અંગેના રાજ્યવ્યાપી અભ્યાસ પછી મહેસૂલ અને પંચાયત વિભાગે વિવાદાસ્પદ બાબતો ફાઈનલ સ્ટેજ પર લાવી દીધી છે.

સમગ્ર રાજ્યની જિલ્લા પંચાયતોને અસરકર્તા અને ચૂંટાયેલા પ્રમુખોની ભારે નારાજગી વહોરવી પડે તેવા સરકારે વિચારેલા નિર્ણયની વિગતો એવી છે કે ગુજરાતમાં બિનખેતીની જમીનને એનએ કરવા માટે રાજ્ય સરકારે છ મહિના અગાઉ વિવિધ તાલુકા પંચાયતો પાસેથી ગામડાઓના ગ્રેડ પ્રમાણેની એનએ આપતી સત્તાઓ છીનવી લઈ જિલ્લા પંચાયતોની કારોબારીને સોંપવાનો નિર્ણય કર્યો હતો. સરકારના મહેસૂલ વિભાગની કલમ-૬૫, ૬૬ અને ૬૭ મુજબ અત્યારે આ અધિકારો જિલ્લા પંચાયતોને મળેલા છે.

મુંબઈ રાજ્ય વખતથી ચાલતી આ કલમોમાં કલમ-૬૫ પ્રમાણે બિનખેતીની જમીનને એનએ આપવામાં આવે છે અને કલમ-૬૬માં બિનખેતી અંગેની મંજૂરી વિના કોઈ પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ સામે દંડનીય કાર્યવાહી કરી શકાય છે, જ્યારે કલમ-૬૭ પ્રમાણે બિનખેતીની મુદત પુરી થતાં તે સામે કાર્યવાહી થઈ શકે છે. જોકે, આ કલમની જોગવાઈ મુજબ બિનખેતીની મુદતમાં વધારો કરવો પણ શક્ય છે.

રાજ્યના મહેસૂલ વિભાગના અધિકારીઓ દ્વારા જિલ્લા પંચાયતોને મળેલી સત્તા અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં મહેસૂલ અને પંચાયતના તજજ્ઞ તેમ જ જિલ્લા વિકાસ અધિકારીઓનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું છે. બિનખેતી જમીનને એનએ કરવા માટે થયેલા કેસ, કેસોની પ્રાથમિક જરૂરિયાતો, સામાન્ય પ્રજાજનને નડતા પ્રશ્નો, જિલ્લા પંચાયત અને સરકારની કામગીરી જેવી બાબતોની વિગતો મેળવવામાં આવી છે. મળતી માહિતી મુજબ મહેસૂલ વિભાગ દ્વારા અભ્યાસ અહેવાલ આ મહિનાના અંતમાં સરકાર સમક્ષ મૂકવામાં આવે તેવી શક્યતા છે જેના આધારે વટહુકમ બહાર પાડવો કે વિધાનસભામાં વિધેયક લાવવું તે નક્કી કરવામાં આવશે.

## કેન્દ્ર સરકાર દ્વારા મળતી ગ્રાન્ટ ગામની આવશ્યકતા મુજબ ફાળવવા સર્વે

ગુજરાતનાં તમામ ગામોનાં કામોની અગ્રતા નક્કી કરી ગ્રાન્ટની ફાળવણી કરવા ગુજરાત નાણા પંચ દ્વારા મોજણી કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લામાં ૫૪૬ ગામોની મોજણી થોડા સમયમાં પૂરી કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર દ્વારા મળતી વિવિધ ગ્રાન્ટ તમામ જિલ્લા પંચાયત હસ્તક મૂકવામાં આવે છે. તેમાં કયાં કામો કરવા તે તાલુકા અને જિલ્લા પંચાયત દ્વારા નક્કી થતું હોય છે. ગુજરાત નાણા પંચના ઉપાધ્યક્ષ ધીરૂભાઈ શાહે ગુજરાતની તમામ ગ્રામ પંચાયતો પાસેથી તેમનાં ગામનાં કામોની પ્રાથમિકતાનો અહેવાલ મંગાવ્યો છે. જે દરેક જિલ્લા પંચાયત એકત્ર કરીને ગુજરાત સરકારને સુપરત કરશે. આ અહેવાલમાં વિવિધ ફોર્મ આપવામાં આવ્યા છે જેમાં ગ્રામકક્ષાએ શિક્ષણની સવલત, પોષણ કાર્યક્રમો, આરોગ્ય સવલતો, પશુપાલન, સિંચાઈ, આર્થિક અને સામાજિક સેવાઓ, પીવાનાં પાણીની પરિસ્થિતિ, રસ્તા અને સંદેશા વ્યવહાર, ઘરથાળ પ્લોટ, વીજળીકરણ, નાના-મોટા ઉદ્યોગોની સ્થિતિ વગેરે માહિતીના આધારે જે-તે પંચાયતને તની આવશ્યકતા મુજબ નાણાંની ફાળવણી કરશે. આ કામગીરી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યૂરો, ગાંધીનગર મારફતે હાથ ધરવામાં આવી છે.

(વિવિધ અખબારોમાંથી)

### બેથી વધુ બાળકો ધરાવનાર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી લડી નહીં શકે

**બે કરતાં વધુ બાળકો ધરાવતી વ્યક્તિઓને પંચાયત, નગરપાલિકા કે મ્યુનિસિપલ કૉર્પોરેશનના કાઉન્સિલર થતી અટકાવી શકાય એવી જોગવાઈ કાયદામાં કરવાને લગતું ગુજરાત સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદા (સુધારા) વિધેયક ૨૦૦૫ આરોગ્યમંત્રી આઈ. કે.જાડેજાએ રજૂ કર્યું છે. આઈ કે. જાડેજાએ જણાવ્યું હતું કે, વસ્તીનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. વસ્તીના ઝડપી વધારાને નિયંત્રિત રાખવા આવું વિધેયક લાવવાનું જરૂરી બન્યું છે. આ સુધારાના આરંભ પહેલાં બે કરતાં વધુ બાળકો ધરાવતી વ્યક્તિને ગેરલાયકતાના સંદર્ભમાં અપવાદ તરીકે ગણી શકાશે. આ વિધેયક પસાર થતાં તેના અમલની તારીખ જાહેર કરવામાં આવશે.** ***(સંદેશ, ૧૭-૩-'૦૫)***

# દસક્રોઈ તાલુકાની પંચાયતોના વાચકોના 'પંચાયત જગત' અંગેના પ્રતિભાવો

સંકલન : ભૂમિકા ગોહેલ - *ઉન્નતિ-પંચાયત સંદર્ભ કેન્દ્ર, અમદાવાદ*

'પંચાયત જગત' સામયિકમાંથી પંચાયતની કામગીરી અંગેની ખૂબ ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. પંચાયતમાં પ્રથમવાર ચૂંટાઈને આવેલી વ્યક્તિને પંચાયતના વહીવટને લગતી તમામ માહિતી આપવામાં આવે છે. દા.ત. કોઈ પણ ભણેલી કે અભણ બહેન પંચાયતમાં ચૂંટાઈ આવે પછી પંચાયતનો વહીવટ તેના પતિ અથવા અન્ય સંબંધી કરતાં હોય તો તેવી બહેન પણ આ સામયિક વાંચીને જાગી જાય છે.

આવું સાહિત્ય મળવાથી પંચાયતનો વહીવટ કરવામાં સરળતા રહે છે. ખાસ કરીને સરપંચને કરવાનાં કાર્યો, બજેટ, તલાટીની કામગીરી વગેરે વિભાગો ખૂબ ઉપયોગી થાય છે. બીજા વિસ્તારોમાં થયેલી પંચાયતોની કામગીરીનો અહેવાલ જો અવારનવાર 'પંચાયત જગત' દ્વારા મળતો રહે તો પણ કામ કરવામાં ઉપયોગી થાય. પંચાયત જગતમાં આવતા લોકોના મંતવ્યનો વિભાગ, જ્ઞાન ચકાસણીનો વિભાગ વગેરે મારફતે અમને ઘણું જાણવા મળે છે.

*મફતભાઈ ઠાકોર-સરપંચ*, **જૂના વણઝર**

'પંચાયત જગત' સામયિક હું અવારનવાર વાંચું છું. તેમાં દરેક અંકમાં જે પંચાયતને લગતા પ્રશ્નો પૂછવામાં આવે છે અને તેમાં અલગ અલગ વ્યક્તિ દ્વારા જે પ્રતિભાવો મળે છે તે વિભાગ મને વધારે પસંદ છે. તદ્ઉપરાંત મહિલા સરપંચ વિકાસનાં કેવાં કામો કરે છે, તેમને કેવી મુશ્કેલીઓ પડે છે, તે અંગેના તેમના અનુભવો દર્શાવતો વિભાગ 'હું શક્તિ છું' પણ મને ખૂબ ગમે છે. 'પંચાયત જગત'માં આપવામાં આવતી દરેક માહિતી પંચાયતના સભ્યને કોઈ ને કોઈ રીતે ઉપયોગી નીવડે છે.

આ ઉપરાંત સરકારની કઈ કઈ ગ્રાન્ટ, કયાંથી પ્રાપ્ત કરી શકાય અને તેમાંથી અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચ, જનરલ વગેરે કેટેગરી પ્રમાણે કેટલી વાપરવી તેના વિશેની ગામલોકોને માહિતી હોતી નથી. તો તે અંગેની માહિતી 'પંચાયત જગત'માં આપવી જોઈએ. આ ઉપરાંત, ગ્રામીણ મહિલાઓ માટેની જે જે યોજનાઓ છે તેની પણ પૂરી માહિતી આપવી જોઈએ.

*રામુબહેન દલપતભાઈ મારૂ- પંચાયત સભ્ય*, **નવા વિંઝોલ**

'પંચાયત જગત'ના મોટાભાગના અંકો મેં વાંચ્યા છે. તેમાં ઘણી કામની માહિતી આપવામાં આવે છે. 'પંચાયત જગત'માં મંતવ્યવાળી જે કોલમમાં લોકમત જાણવામાં આવે છે તે મને વધુ ગમે છે. તેના કારણે લોકોના વિચાર જાણી શકાય છે.

'પંચાયત જગત'માં ગ્રામસેવકની કામગીરી શું છે તે અંગે સંપૂર્ણ માહિતી આપવી જોઈએ. આ ઉપરાંત સરકાર દ્વારા ગ્રામીણ વિકાસ માટેની જે જે સહાય યોજનાઓ મળે છે તે અંગે વિસ્તૃતમાં માહિતી આપવી, કારણ કે ગ્રામ સેવક દ્વારા અમને આ અંગે કોઈ જ માહિતી ઉપલબ્ધ થતી નથી. તેથી અમે સરકાર દ્વારા મળતા લાભોથી વંચિત રહી જઈએ છીએ. તો તે માટેના પ્રયત્નો થાય તો વધુ સારું.

*રમેશભાઈ ઠાકોર - ભૂતપૂર્વ પંચાયત સભ્ય*, **ભરકુંડા**

આ પત્રિકામાં પંચાયત વહીવટને લગતી જે માહિતી આપવામાં આવે છે. તે અમને ખૂબ જ ઉપયોગી નીવડે છે. પંચાયત જગતમાં આવતી માહિતી પંચાયતની કામગીરીથી જાણકાર ન હોય તેવા લોકો અને તેમાંય ખાસ કરીને દલિતો, બક્ષીપંચ તેમ જ મહિલાઓને ખૂબ જ ઉપયોગી નીવડે છે. મંતવ્યવાળી કોલમ મારફતે પંચાયત સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા લોકોના વિચારો જાણી શકાય છે. આ કોલમથી સારા વિચારો જાણી શકાય છે અને પ્રશ્નનો સાચો ઉત્તર પણ મેળવી શકાય છે. 'પંચાયત જગત'માં પંચાયતના વહીવટને લગતી જે કાયદાકીય માહિતી આપવામાં આવે છે તે અમને પંચાયતના વહીવટમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે.

*મનુભાઈ પરમાર-પંચાયત સભ્ય*, **ગેરતપુર**

આ મેગેઝિન સંપૂર્ણપણે ગ્રામીણ લોકોને ઉપયોગી નીવડે તેવું બનાવવામાં આવ્યું છે. તેમાંય ખાસ કરીને પંચાયત સાથે જોડાયેલી વ્યક્તિઓને તો તે ખૂબ જ લાભદાયી પૂરવાર થાય તેવું છે. 'પંચાયત જગત'માં આવતી વિકાસ ગાથાઓ દ્વારા મને ગ્રામવિકાસનાં કામો કરવા માટેની પ્રેરણા મળે છે. આ ઉપરાંત મારા મંતવ્ય મુજબ કોલમમાં દરેક ગ્રામીણ લોકોને સ્પર્શે તેવા પ્રશ્નો હોય છે. તેમાં અલગ અલગ લોકોનાં મંતવ્યો જાણી સચોટ માહિતી પ્રાપ્ત થઈ શકે છે.

*રમેશભાઈ પરમાર-ઉપસરપંચ*, **લપકામણ**

## ગ્રામ સભાની કાયદાકીય ઓળખ ઉભી થઈ

ભૂરીયા સમિતિના કાયદા અનુસાર ગ્રામ સભાને વિશાળ સત્તા મળેલી છે. જે અન્વયે કોસમાળ ગામ (જિ.ડાંગ)માં ગ્રામ સભાએ ગામની ગ્રામ સભા બોલાવી ગ્રામ સભામાં એવો ઠરાવ કરેલો કે સ્કૂલની જમીન પ્રોટેક્ટ ફોરેસ્ટની છે અને તેમાં છેલ્લાં ૨૦ વર્ષથી પ્રાથમિક શાળાનો કબજો ચાલી આવે છે અને પાકું મકાન પણ સ્કૂલ તરફથી બાંધવામાં આવેલું છે, પરંતુ સ્કૂલનાં નામે જમીન થઈ નથી. તે બાબતે સ્કૂલના પ્રાથમિક શિક્ષકોએ પણ ઘણીવાર ઉચ્ચ સ્તરે રજૂઆત કરી. સ્કૂલનાં નામે જમીન થવી જોઈએ તેવી માગણી કરેલી, પરંતુ ફોરેસ્ટ વિભાગે કોઈ કાર્યવાહી કરેલી નહીં.

ગ્રામ સભાની એક ઓળખ ઉભી થાય તે આશયથી કોસમાળ ગ્રામ સભા વતી આહવાના મે. સિવિલ જજ (જુ.ડી.) સાહેબની કૉર્ટમાં આર.એફ.ઓ.-કાલીબેલ તેમ જ ડી.એફ.ઓ.શ્રી, ઉત્તર ડાંગ વન વિભાગ વિરુદ્ધ રે.દી.મુ.નં.૪૧/૨૦૦૪ થી વિવાદવાળી જમીન સ્કૂલના નામે કરી, માલિક જાહેર કરવાની દાદ ગ્રામ સભાએ માંગી છે. સદર ગ્રામ સભાવતી ગ્રામ સભાએ શ્રી ગોપાળભાઈ રાઠોડને કૉર્ટમાં હાજર રહી જરૂરી કાર્યવાહી કરવાની સત્તા સોંપી છે. આ કેસમાં સામાવાળાઓને કેસ અંગેની નોટિસ બજતા તેઓ નામદાર આહવા કૉર્ટમાં હાજર થયા છે અને સામાવાળાઓ ગ્રામ સભાએ જે દાદ માંગી છે તે મુજબ સ્કૂલની જમીન સ્કૂલનાં નામે કરાવવા તૈયાર થયા છે અને તે અંગે જરૂરી ફોર્મ્સ સામાવાળા તરફથી ગ્રામ સભાને આપવામાં આવ્યા છે.

આમ, ગ્રામ સભાની ઓળખ ઉભી થઈ છે અને સદર કેસ કૉર્ટમાં ચાલુ છે.

(સાભાર : 'સુનાવણી' સામયિક)

## દસક્રોઈ તાલુકાનું ગૌરવ વધારનાર નવસંશોધકોને ખૂબખૂબ અભિનંદન

ડાંગરનાં ધરુના તૈયાર થવાના સમયમાં ઘટાડો કરવાના સફળ પ્રયોગ તેમ જ ૧૦૦ ટકા અંકુરણના કરેલા યોગદાન બદલ અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના લપકામણ ગામના ઉપસરપંચશ્રી રમેશભાઈ એમ. પરમાર અને ઓગણજ ગામના ગોવર્ધનભાઈ પટેલને રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના વરદ્‌હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. 'નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન (રાષ્ટ્રિય નવપ્રવર્તન પ્રતિષ્ઠાન) દ્વારા યોજાયેલી તૃતીય વાર્ષિક રાષ્ટ્રીય હરિફાઈ અંતર્ગત રૂ.૧૨,૫૦૦ ના પુરસ્કારથી દરેક પુરસ્કૃત વ્યક્તિને નવાજવામાં આવી હતી.

સ્થાનિક ટેકનોલૉજીને લગતી સમસ્યાઓ હલ કરવા માટે નવા અને સફળ પ્રયોગો કરનારા નવસંશોધકોનું દર વર્ષે આ પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવે છે. તા. ૫મી જાન્યુઆરી, ૨૦૦૫ ના રોજ અમદાવાદ ખાતે ભારત સરકારના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગના સચિવ તેમ જ એનઆઈએફના ડૉ. આર. એ. માશેલકરની ઉપસ્થિતિમાં આ પુરસ્કાર એનાયત થયો. પુરસ્કાર મેળવનાર લપકામણ ગામના શ્રી રમેશભાઈ એમ. પરમાર અને ઓગણજ ગામના શ્રી ગોવર્ધનભાઈ પટેલને 'પંચાયત જગત' ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે.

(સંકલનઃશિલ્પા મણિયાર, ઉન્નતિ-પંચાયત સંદર્ભ કેન્દ્ર, અમદાવાદ)

### કલમ ઉઠાવો, લખો પ્રતિભાવ

**આ અંકમાં તમને શું ગમ્યું?**

તમારા પ્રતિભાવો અમને લખી મોકલો. **'પંચાયત જગત'**ના માધ્યમથી પંચાયતી રાજ વિશે તમે કઈ માહિતી મેળવવા માંગો છો એ પણ અમને જણાવી શકો.


તંત્રી : બિનોય આચાર્ય, ડાયરેક્ટર, ઉન્નતિ
સંપાદક : સંજય દવે - ચરખા
રૂપાંકન : પ્રકાશ ઓઝા - ઉન્નતિ



उन्नति

નાગરિક નેતૃત્વ અને શાસન એકમ

**ઉન્નતિ-વિકાસ શિક્ષણ સંગઠન**

૭૦૨, સાકાર-૪, એમ. જે. લાઈબ્રેરી સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોનઃ(૦૭૯)૨૬૫૮૩૩૦૫, ૨૬૫૮૮૯૫૮


બૂક પોસ્ટ

પ્રિન્ટેડ મેટર

પ્રતિ શ્રી, ____________________

____________________

____________________

____________________